


ગરવી ગુજરાત
RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 146
Dt.: 06-02-2026,
Friday
Page : 04
Rs.00.50 paisa


### વડાપ્રધાન મોદીએ વિપક્ષ પર ટાર્ગેટ સાધતા કહ્યું

# કોંગ્રેસના શાસનમાં કોઈ ટ્રેડ ડિલ થઈ નહીં, તેમના કારણે દેશની અર્થવ્યવસ્થા પાછળ રહી

### નવા વર્લ્ડ ઓર્ડર બની રહ્યા છે અને નવા વર્લ્ડમાં દુનિયાનો ઝુકાવ ભારત તરફ છે, મહિલાઓ-યુવાનોનો વિકાસ અમારો ટાર્ગેટ છે : વડાપ્રધાન મોદી



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે, આજે દુનિયા પડકારો સામે ઝઝૂમી રહી છે. નવા વર્લ્ડ ઓર્ડર બની રહ્યા છે અને નવા વર્લ્ડમાં દુનિયાનો ઝુકાવ ભારત તરફ છે. મહિલાઓ-યુવાનોનો વિકાસ અમારો ટાર્ગેટ છે. આ બાજુ વિપક્ષે વોકઆઉટ કર્યું છે. પ્રધાનમંત્રીએ વિપક્ષ પર ટાર્ગેટ સાધતા કહ્યું કે, કાલે હું જોઈ રહ્યો હતો, જે ખુદને રાજા માને છે, તે આર્થિક અસમાનતાની વાતો કરી રહ્યા હતા. ઘુસણખોરોની વકાલત કરનારાઓને યુવાનો કેવી રીતે માફ કરશે. ઘુસણખોર તેમની આઝાદી છીનવી રહ્યા છે. તેમની રોજી રોટીનો હક છીનવી રહ્યા છે. આવા લોકો માટે આ લોકો કવચ બનેલા છે.

વોકઆઉટ પર ગયેલા વિપક્ષ પર કટાક્ષ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, જે લોકો થાકી ગયા હતા, જતાં રહ્યા, પણ ક્યારેકને ક્યારેક તેમને જવાબ આપવો પડશે કે દેશની આવી હાલત કેવી રીતે બનાવી નાખી. દુનિયાના કોઈ દેશ આપણી સાથે ડિલ કરવા આગળ નહોતા આવતા. તમારી કોશિશ રહેશે કે પાછળ પાછળ ગયા પણ કોઈ દેશ ડિલ નહોતા કરતા. તેની પાછળ સૌથી મોટી ડેવલપ કન્ટ્રી એક ડેવલપિંગ કન્ટ્રી સાથે ડિલ કરે છે તો આ મોટી વાત છે. આ ત્યારે થાય છે, જ્યારે આપની પાસે સામર્થ્ય હોય, આપના નાગરિકોની અંદર દેશવાસીઓની અંદર ઊર્જા હોય.

ટીએમસી પર પ્રહાર- ઘુસણખોરોને બચાવવા માટે કોર્ટ પર પ્રેશર, કોર્ટમાં દબાણ બનાવી રહ્યા છે. શું આપણા યુવાનો આવું સહન કરશે.

આમ આદમી પર કટાક્ષ- એક પાર્ટી જેમની આખી સરકાર દારુમાં જતી રહી, તે બ્લેકની વાત કરી રહ્યા હતા, લાગે છે કે તેમનું બ્લેક સાથે કંઈક છે. બધાનો અતીત હોય છે.

લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવના જવાબમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક પરિસ્થિતિ અને ભારતની ભૂમિકા અંગે મહત્વપૂર્ણ વાત કરી. પીએમ મોદીએ કહ્યું કે આજે આખી દુનિયા અસ્થિરતાના સમયમાં પસાર થઈ રહી છે અને પોતાને સંભાળી શકતી નથી. બીજા વિશ્વયુદ્ધ પછી હવે એક 'નવો ગ્લોબલ ઓર્ડર' ઊભો થઈ રહ્યો છે. પીએમ મોદીએ ખાસ ઉલ્લેખ કર્યો કે આવા નાજુક સમયમાં, જ્યારે આખી દુનિયા યુદ્ધ અને સંકટોથી ઘેરાઈ છે, ત્યારે ભારત એક 'વિશ્વ-બંધુ' અને આશાની કિરણ બનીને ઊભરી રહ્યું છે. તેમણે આને ભારત માટે ઐતિહાસિક તક ગણાવી અને કહ્યું કે દેશ આજે સૌથી ઝડપી ગતિએ આગળ વધી રહ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ઘણા વિકસિત દેશો એવા તબક્કે પહોંચી ગયા છે જ્યાં તેમની વસ્તી વૃદ્ધ થઈ રહી છે, જ્યારે આપણો દેશ પોતાની યુવાન વસ્તીના બળ પર સફળતાની નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે. તેમણે કહ્યું, "અમારી પાસે યુવાનોનો એક મોટો 'ટેલેન્ટ પૂલ' (પ્રતિભાનો ભંડાર) છે, જેમણે સપના છે, દૃઢ સંકલ્પ છે અને ક્ષમતા છે." પીએમ મોદીએ આગળ કહ્યું કે ભારત એ દેશોમાંથી એક છે જે આશાની કિરણ છે, એવો દેશ છે જે દુનિયાની પડકારોનો જવાબ આપશે. પીએમ મોદીએ કહ્યું કે મુખ્ય અર્થતંત્રોમાં ભારતે ઊંચી વૃદ્ધિ દર (High Growth) નોંધાવી છે અને 'હાઈ ગ્રોથ-લો ઈન્ફ્લેશન' (ઝડપી વિકાસ અને ઓછી મોંઘવારી)નું આ સંયોજન અનોખું છે. તેમણે કહ્યું કે આ આપણા અર્થતંત્રની શક્તિ દર્શાવે છે.

પીએમ મોદીએ ખૂબ જ સંયમિત અને વ્યંગ્યભર્યા અંદાજમાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે પર નિશાન સાધ્યું. હોબાળા વચ્ચે પીએમ મોદીએ સભાપતિને સંબોધીને કહ્યું, "સભાપતિજી, મારી એક વિનંતી છે. ખડગેજીની ઉંમરને ધ્યાનમાં રાખીને, જો તેઓ બેઠા રહીને નારા લગાવશે તો સારું રહેશે. તેમને કોઈ તકલીફ ન થાય. અહીં ઘણા યુવાન સભ્યો હાજર છે, કૃપા કરીને ખડગેજીને બેઠા રહીને નારા લગાવવાની સુવિધા આપવામાં આવે."

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારત પ્રત્યે વિશ્વનું આકર્ષણ વધી રહ્યું છે અને ભારતના ટેલેન્ટનું મહત્ત્વ વિશ્વ સમજી રહ્યું છે. વિશ્વમાં અનેક પડકારો વચ્ચે ભારત આશાનું કિરણ બન્યું છે. મોટી અર્થવ્યવસ્થાઓમાં ભારતનો ગ્રોથ રેટ ઊંચો અને મોંઘવારી ઓછી છે. આ આપણી અર્થવ્યવસ્થાની મજબૂતાઈને દર્શાવે છે. દેશ સ્વતંત્ર થયો ત્યારે આપણે દુનિયાની છઠ્ઠી સૌથી મોટી અર્થવ્યવસ્થા હતા, પણ આ લોકોએ (વિપક્ષ) દેશને ૧૧મા ક્રમે પહોંચાડી દીધો. આજે અમે ત્રીજા સ્થાને જવાની દિશામાં આગળ વધી રહ્યા છે.

PM મોદીએ કહ્યું કે, વિજ્ઞાન, સ્પેસ, સ્પોર્ટ્સ સહિતના દરેક સેક્ટરમાં ભારતમાં એક અનોખો આત્મવિશ્વાસ છે. કોવિડ મહામારી બાદ જે સ્થિતિ પેદા થઈ તેના કારણે આજે દુનિયા ડામાડોળ છે. એવામાં વિશ્વ હવે નવા વર્લ્ડઑર્ડર તરફ આગળ વધી રહ્યું છે. દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ એક નવું વર્લ્ડઑર્ડર બન્યું હતું, તે પછી હવે ફરી નવું વર્લ્ડઑર્ડર રચાઈ રહ્યું છે. સૌથી મોટી ખુશીની વાત છે કે તમામ ઘટનાઓમાં પલડું ભારત તરફ નમેલું છે. ભારત વિશ્વબંધુ રૂપે અનેક દેશોનો પાર્ટનર બન્યો છે. વિશ્વ કલ્યાણ માટે આપણે ઉચિત ભૂમિકા ભજવી રહ્યા છે અને સહાય પણ કરી રહ્યા છીએ. આજે આખું વિશ્વ ગ્લોબલ સાઉથની ચર્ચા કરે છે પણ ભારત જ તેનું સૂત્રધાર રહ્યું છે. પાછલા થોડા દિવસોમાં દુનિયાના ૯ દેશો સાથે ફ્રી ટ્રેડ ડીલ થઈ જેમાં મધર ઑફ ડીલ્સ થઈ. જેમાં ૨૭ દેશો સાથે એકસાથે ડીલ થઈ. વિપક્ષે દેશના હાલ એવા કરી નાંખ્યા હતા કે કોઈ પણ દેશ ભારત સાથે ડીલ કરવા આગળ નહોતો આવતો. હું ગુજરાતમાં મુખ્યમંત્રી હતો ત્યારે વાયબ્રન્ટ ગુજરાત સમિટ કરતો હતો. ત્યારે એક ગુજરાત રાજ્યમાં પાર્ટનર દેશ જાપાન હતો. મેં તે સમયે જે સામર્થ્ય બતાવ્યું તે આજે ભારતમાં જોવા મળી રહ્યું છે. કોંગ્રેસે આ દેશ એવો બરબાદ કરી નાંખ્યો હતો અમારી શક્તિ તેમની ભૂલો સુધારવામાં જઈ રહી છે. દુનિયાના દેશો સામે ભારતની છબી સુધારવી પડે છે. મારા પર વિશ્વાસ ન હોય તો લાલ કિલ્લાથી કોંગ્રેસના તમામ વડાપ્રધાનના ભાષણ વાંચી લો. તેમની પાસે કોઈ વિઝન હતું જ નહીં.

## ભારત સ્વતંત્ર છે, તે કોઈપણ પાસેથી તેલ ખરીદી શકે છે: રશિયાએ ટ્રમ્પને આપ્યો સ્પષ્ટ શબ્દોમાં જવાબ

### અમેરિકાએ દાવો કર્યો હતો કે ભારતે રશિયા સાથે ફક્ત તેલ વેપાર બંધ કરવાની શરતે ટ્રેડ ડીલ કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

ભારત-અમેરિકા ટ્રેડ ડીલ પર રશિયાનું મોટું નિવેદન સામે આવ્યું છે. રશિયાએ કહ્યું છે કે ભારત કોઈપણ દેશ પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે સ્વતંત્ર છે.

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રેડ ડીલ દરમિયાન કહ્યું હતું કે ભારત રશિયા પાસેથી તેલ ન ખરીદવા માટે સંમત થયું છે. બંને દેશો વચ્ચેના વેપાર કરાર હેઠળ, અમેરિકાએ ભારત પર ટેરિફ ઘટાડીને ૧૮% કર્યો છે.

આના જવાબમાં રશિયાએ કહ્યું કે રશિયા ભારતને ક્રૂડ ઓઈલનો એકમાત્ર સપ્લાયર નથી. ભારતનો તેના ક્રૂડ ઓઈલ આયાત વિકલ્પોનો વિસ્તાર કરવાનો નિર્ણય નવો નથી.

વૈશ્વિક ક્રૂડ ઓઈલ સપ્લાય મોનિટરિંગ એજન્સી કેપ્લર અનુસાર, ટ્રમ્પ દ્વારા ભારતીય માલ પર વધારાનો ૨૫% ટેરિફ લાદવામાં આવ્યો હોવા છતાં ભારત દરરોજ આશરે ૧.૫ મિલિયન બેરલ રશિયન ક્રૂડ ઓઈલ આયાત કરી રહ્યું છે. નવી દિલ્હી રશિયન ક્રૂડ ઓઈલનો બીજો સૌથી મોટો ખરીદદાર છે, જે ભારતની કુલ આયાતના ત્રીજા ભાગથી વધુ હિસ્સો ધરાવે છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના કાર્યાલય ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે અમેરિકાના દાવા અંગે જણાવ્યું હતું કે, અમે અને અન્ય તમામ આંતરરાષ્ટ્રીય ઉર્જા નિષ્ણાતો સારી રીતે જાણીએ છીએ કે રશિયા ભારતને તેલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોનો એકમાત્ર સપ્લાયર નથી.

## જામનગર એરફોર્સ સ્ટેશન પર દક્ષિણ કોરિયાના વાયુસેનાના વિમાનોનું લેન્ડિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર એરફોર્સ સ્ટેશન ખાતે દક્ષિણ કોરિયાની વાયુસેનાના વિમાનોએ સુરક્ષિત લેન્ડિંગ કરીને આંતરરાષ્ટ્રીય સૈન્ય મૈત્રીની પરંપરાને જીવંત રાખી છે. સાઉદી અરેબિયામાં યોજાયેલા વર્લ્ડ ડિફેન્સ શો ૨૦૨૬માં સહભાગી થઈને પરત ફરી રહેલા આ સૈન્ય દળને ભારતીય વાયુસેના દ્વારા જામનગર રનવે પર ઉતરાણ કરવા સહિતની તમામ ટેકનિકલ સહાય અને મંજૂરીઓ પૂરી પાડવામાં આવી હતી.દક્ષિણ કોરિયાની સુપ્રસિદ્ધ બ્લેક ઈગલ્સ એરોબેટિક ટીમના ૯ T ૫૦ B લડાકુ વિમાનો અને ૧ C ૧૩૦ ટ્રાન્સપોર્ટ વિમાનનું જામનગર ખાતે આગમન થતા વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

## યોગી સરકારનો મોટો નિર્ણયઃ ચાઈનીઝ દોરીથી મોત થશે હત્યાનો ગુનો નોંધાશે



(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તર પ્રદેશમાં ચાઈનીઝ દોરીના કારણે સતત વધી રહેલા અકસ્માતોને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે હવેથી ચાઈનીઝ દોરીના કારણે થતા મોતને માત્ર અકસ્માત નહીં, પરંતુ હત્યા ગણવામાં આવશે. આ સાથે જ તેમણે સમગ્ર રાજ્યમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના વેચાણ અને સ્ટોક વિરુદ્ધ તાત્કાલિક દરોડા પાડવાના આદેશ આપ્યા છે.

યોગી આદિત્યનાથે પોલીસ તંત્રને સવાલ કર્યો છે કે જ્યારે રાજ્યમાં ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ છે, તો પછી બજારમાં આ જીવલેણ દોરી ઉપલબ્ધ કેવી રીતે થાય છે? તેમણે પોલીસને આદેશ આપ્યો છે કે ગેરકાયદેસર રીતે દોરી વેચનારાઓ વિરુદ્ધ વિશેષ અભિયાન ચલાવવામાં આવે અને કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે. આ સમગ્ર કાર્યવાહીની સમીક્ષા રાજ્યના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કરવામાં આવશે જેથી કરીને કોઈ પણ પ્રકારની બેદરકારી ન રહે. આ કડક નિર્ણય પાછળ તાજેતરમાં લખનઉના હૈદરગંજ બ્રિજ પર બનેલી એક ઘટના જવાબદાર છે. અહીં પતંગની દોરી ગળામાં આવી જવાથી શોએબ નામના એક યુવકનું મોત નીપજ્યું હતું. શોએબ તેના પરિવારનો એકમાત્ર કમાતો દીકરો હતો. આ ઘટના બાદ સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રજાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને હવે પ્રશાસન ફૂલ એક્શન મોડમાં આવ્યું છે, જેથી નિર્દોષ લોકોના જીવ બચાવી શકાય.

### 'ઉજું વિ.યુ. શરૂ થઈ ગયું છે, માત્ર વ્યાપની તીવ્રતા ઓછી છે'

## અરબી સમુદ્રમાં 'અબ્રાહમ લિંકન' તરફ આવતું ઈરાનનું 'ડ્રોન' વિમાન તોડી પડાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

સોક્રેટિસે કહ્યું છે : 'વન હુ કેન નોટ રીઝન, ઈઝ એ ફૂલ, વન હૂ વૂડનોટ રીઝન ઈઝ એ બિગર, બટ હુ કેર્સ નોટ રીઝન ઈઝ એ સ્લેવ : ઈરાનના શાસક વર્ગને આ ત્રણે લાગુ પડે છે તેઓ તર્ક કરી શકતા નથી, તર્ક કરવા તૈયાર નથી તર્ક કરવાની હિંમત પણ તેમનામાં દેખાતી નથી.'હજી પણ ઈસ્મહાનની ખિલાફતના દિવા-સ્વપ્નોમાં રાચતા તેમના સર્વોચ્ચ નેતાઓ 'શાંતિ મંત્રણા' પડતી મૂકી અકારણ વિશ્વની સૌથી મોટી શક્તિ સામે બાથ ભીડી રહ્યા છે.અમેરિકાએ તેનાં સૌથી સબળ ન્યુક્લિયર પાવર્ડ વિમાન વાહક જહાજ 'અબ્રાહમ લિંકન'ના નેતૃત્વ નીચે ઈરાનની સામેના અરબી સમુદ્રમાં ઈરાનની જલ-સીમાથી દૂર નૌકા કાફલો ગોઠવી દીધો છે. તેવામાં આંધળુકીયા કરી ઈરાને તેનું 'શાહેદ- ૧૩૯' પ્રકારનું ડ્રોન વિમાન વહેતુ મૂક્યું હતું.

અબ્રાહમ લિંકન ઉપરથી ચઢેલા એફ-૩૫ સી યુદ્ધ વિમાને તો તોડી પાડયું આ અંગે યુ.એસ. સેન્ટ્રલ કમાન્ડે ઈ-મેઈલ દ્વારા જણાવ્યું હતું કે, અમેરિકન દળો તંગદિલી ઘટાડવા પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે જ અંતરરાષ્ટ્રીય જળ સીમામાં રહેલા તેને યુદ્ધ જહાજ તરફ ઈરાનનું ડ્રોન વિમાન આવતા તેને તોડી પડાયું હતું.તે સર્વવિદિત છે કે યુરેનિયમ સમૃદ્ધ કરવાના પ્રશ્ને અમેરિકા અને ઈરાન સામસામા આવી ગયા છે. બીજી તરફ ઈરાનની માત્ર અને માત્ર ધર્મ આધારિત સરકાર સામે ઈરાનની જનતા જ રણે ચઢી છે તેની ઉપર ઈરાનના 'ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડઝ' દ્વારા હિંસક હુમલા થતા જનતા પણ સસ્ત્રો સાથે તેમની સામે પડી છે. ટૂંકમાં ઈરાનમાં પરિસ્થિતિ અત્યંત પ્રવાહી બની રહી છે તે સંયોગોમાં અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે ઈરાનને લશ્કરી પગલાંની ચેતવણી આપી છે તો સામે, ઈરાનના સર્વોચ્ચ ધાર્મિક નેતા આયાતોલ્લાહ અલી ખોમેનીએ કહી દીધું છે કે, 'તો સમગ્ર મધ્ય પૂર્વ ભડકે બળશે.' ટૂંકમાં મધ્ય પૂર્વમાં વ્યાપક તંગદિલી પ્રસરી રહી છે.વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ જોઈએ તો રશિયા- યુક્રેન યુદ્ધ ચાલે છે, ઈઝરાયેલ હમાસ, ઈઝરાયલ હિઝબુલ્લા, ઈઝરાયલ હુથી યુદ્ધો પૈકી દૂર પૂર્વમાં ચીન દાદાગીરી કરે છે. ઉત્તર દક્ષિણ કોરિયા વચ્ચે તણખા ઝરે છે.૧૯૨૧માં એક મહિલા વિશ્લેષકે કહ્યું હતું, 'ત્રીજું વિશ્વયુદ્ધ શરૂ થઈ ચૂક્યું છે : માત્ર તેનો વ્યાપ અને તીવ્રતા ઓછા છે.' તે વાક્ય શબ્દશઃ સાચું ઠરે છે.

### આ ઘટનાથી વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ

## મેઘાલયમાં કોલસાની ખાણમાં મોટો વિસ્ફોટ, ૧૦ના મોત

### મેઘાલયના તાશ્ખાઈ વિસ્તારમાં કોલસાની ખાણમાં થયેલા પ્રચંડ વિસ્ફોટમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)મેઘાલય

મેઘાલયના તાશ્ખાઈ વિસ્તારમાં કોલસાની ખાણમાં થયેલા પ્રચંડ વિસ્ફોટમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. ઓછામાં ઓછા ૧૦ કામદારોના મોત થયાના અહેવાલ છે. આ ઘટનાથી વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ છે. થાનિક વહીવટીતંત્ર અને પોલીસે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. કોલસાની ખાણમાં શક્તિશાળી વિસ્ફોટ થયો હતો.

અહેવાલો અનુસાર, તાશ્ખાઈ કોલસા ખાણમાં અચાનક એક શક્તિશાળી વિસ્ફોટ થયો હતો. જેના કારણે કામદારો અંદર ફસાઈ ગયા હતા. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે અંદર કામદારો બહાર નીકળી શક્યા નહીં. એવી શંકા છે કે બધા મૃતક કામદારો આસામના હતા, જોકે વહીવટીતંત્ર હજુ પણ સત્તાવાર પુષ્ટિ શોધી રહ્યું છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, મૃતક કામદારોમાંથી એક આસામના કટીગરા વિસ્તારના બિહારા ગામનો હોવાનું માનવામાં આવે છે. અકસ્માતની માહિતી મળતાં, મેઘાલય પોલીસ અને બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી અને રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી. ખાણમાં ફસાયેલા અન્ય કામદારોને શોધવા માટે સઘન શોધખોળ ચાલી રહી છે. વહીવટીતંત્રે આસપાસના વિસ્તારને ઘેરી લીધો છે અને બચાવ કામગીરીમાં કોઈ અવરોધ ન આવે તે માટે સુરક્ષા વધારી દીધી છે. અધિકારીઓનું કહેવું છે કે વિસ્ફોટનું કારણ નક્કી કરવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. શરૂઆતમાં, ખાણમાં ગેસ લીકેજ અથવા ટેકનિકલ ખામીને સંભવિત કારણ માનવામાં આવી રહ્યું છે, જોકે તપાસ પૂર્ણ થયા પછી જ પરિસ્થિતિ સ્પષ્ટ થશે.

આ અકસ્માતે કામદારોની સલામતી અને ગેરકાયદેસર ખાણકામ પ્રવૃત્તિઓ પર પ્રશ્નો ઉભા કર્યા છે. સ્થાનિક વહીવટીતંત્રે સંપૂર્ણ તપાસની ખાતરી આપી છે અને જવાબદારો સામે કડક પગલાં લેવામાં આવશે. તેણે મૃતકોના પરિવારોને શક્ય તમામ સહાય પૂરી પાડવાનું પણ વચન આપ્યું છે. આ ઘટના બાદ મેઘાલય પોલીસે આ વિસ્તારને સીલ કરી દીધો હતો. જિલ્લા ડેપ્યુટી કમિશનરે આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. એ પણ તપાસ કરવામાં આવી રહી છે કે જ્યાં અકસ્માત થયો તે ખાણ પાસે માન્ય લાઈસન્સ હતું કે નહીં. સરકારે અસરગ્રસ્ત પરિવારોને શક્ય તમામ સહાય અને રાહતની ખાતરી આપી છે.




# તંત્રી લેખ......

## ઈસ્લામિક વિશ્વમાં બદલાતા સમીકરણોને કારણે ભારતે સતર્ક રહેવાની જરૂર છે

પશ્ચિમ અને દક્ષિણ એશિયાનું સુરક્ષા સ્થાપત્ય હાલમાં ગહન, પરંતુ પ્રમાણમાં શાંત, પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. તેના મૂળમાં, આ બાબત વિચારધારા કરતાં ભૂરાજકીય વાસ્તવિકતાઓ, આર્થિક ગણતરીઓ અને પ્રાદેશિક શક્તિઓની વધતી જતી સ્વ-નિર્ભરતામાં વધુ મૂળ ધરાવે છે. અમેરિકાની ઘટતી સુરક્ષા ભૂમિકા, યુરોપના આંતરિક વિભાજન અને વૈશ્વિક સત્તા સંતુલનમાં પરિવર્તનને કારણે પ્રાદેશિક દેશોએ પોતાની સુરક્ષા જવાબદારીઓ સ્વીકારી છે.

લાંબા સમયથી, પશ્ચિમ એશિયાની સુરક્ષા વ્યવસ્થા અમેરિકન નેતૃત્વ અને ગેરંટી પર આધાર રાખતી હતી, પરંતુ ટ્રમ્પના રાષ્ટ્રપતિ પદ પછી, યુએસ નીતિ વધુ વ્યવહારિક અને અનિશ્ચિત બની ગઈ છે. આનાથી પરંપરાગત સાથીઓને ખ્યાલ આવ્યો છે કે કટોકટીના સમયમાં અમેરિકન હસ્તક્ષેપ હવે સ્વયંભૂ રહેશે નહીં. યુક્રેન યુદ્ધ અને ઉર્જા સંકટને કારણે યુરોપ પણ આ ક્ષેત્રમાં અસરકારક સુરક્ષા ભૂમિકા ભજવી શકતું નથી. પરિણામે, પ્રાદેશિક શક્તિઓ વૈકલ્પિક સુરક્ષા વ્યવસ્થા શોધી રહી છે. આ બદલાતા લેન્ડસ્કેપમાં એક વલણ પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કી વચ્ચે ઉભરતી નિકટતા છે, જેને "ઈસ્લામિક નાટો" પણ કહેવામાં આવે છે.

પાકિસ્તાને લાંબા સમયથી સાઉદી અરેબિયા સાથે સંરક્ષણ સહયોગ જાળવી રાખ્યો છે, પરંતુ તાજેતરના વર્ષોમાં, આ સંબંધને વ્યાપક વ્યૂહાત્મક માળખામાં પરિવર્તિત કરવાના પ્રયાસો વધુ તીવ્ર બન્યા છે. તેનો ઉદ્દેશ્ય સાઉદી સંસાધનો અને તુર્કીની સંરક્ષણ ટેકનોલોજીને જોડીને એક સુરક્ષા જૂથ બનાવવાનો છે જે યુનાઈટેડ સ્ટેટ્સ પર તેની નિર્ભરતા ઘટાડી શકે. જો કે, આ પ્રસ્તાવિત ધરી તેના રાજકીય વાણીક શબ્દો સૂચવે છે તેટલી મજબૂત નથી. પાકિસ્તાનનું અર્થતંત્ર ભયંકર સંકટમાં છે, અને તેની પ્રાદેશિક વિશ્વસનીયતા ઘટી રહી છે. ભારત સાથેનો તેનો સંઘર્ષ ફક્ત પ્રાદેશિક જ નહીં પરંતુ વૈચારિક પણ છે, જેનું કેન્દ્ર તેની લશ્કરી સ્થાપના "બે-રાષ્ટ્ર સિદ્ધાંત" ના રૂપમાં જાળવી રાખે છે.

પાકિસ્તાને આ વૈચારિક માળખા દ્વારા મુસ્લિમ વિશ્વમાં સમર્થન મેળવવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ વ્યવહારમાં, તેને વારંવાર સમજાયું છે કે ધાર્મિક એકતા પોતે જ સ્થાયી વ્યૂહાત્મક સમર્થનની ખાતરી આપતી નથી. સાઉદી અરેબિયા તેની સુરક્ષા જરૂરિયાતોને વૈવિધ્યીકરણ કરી રહ્યું છે. તેના યુનાઈટેડ સ્ટેટ્સ, ચીન, ભારત અને પ્રાદેશિક શક્તિઓ સાથે સમાંતર સંબંધો છે. ભારતમાં તેના નોંધપાત્ર આર્થિક હિતો છે. તુર્કી, નાટો સભ્ય રહીને, સ્વતંત્ર પ્રાદેશિક ભૂમિકા ભજવવાનો પણ પ્રયાસ કરી રહ્યું છે, આ પ્રસ્તાવિત ધરીમાં વિરોધાભાસ પેદા કરી રહ્યું છે. સાઉદી અરેબિયા અને તુર્કી બંને મુસ્લિમ વિશ્વમાં નેતૃત્વની ઈચ્છા રાખે છે, જે તેમને સાથીઓ કરતાં વધુ સ્પર્ધકો બનાવે છે. કદાચ આ જ કારણ છે કે તેણે સાઉદી-પાકિસ્તાન લશ્કરી જોડાણમાં જોડાવાનો ઈનકાર કર્યો હતો.

સાઉદી અરેબિયા અને પાકિસ્તાનની સમાંતર, ભારત, સંયુક્ત આરબ અમીરાત અને ઈઝરાયલ વચ્ચે બીજી વ્યૂહાત્મક ભાગીદારી ઉભરી રહી છે. આ ભાગીદારી સહિયારી સુરક્ષા ચિંતાઓ અને તકનીકી ક્ષમતાઓ પર આધારિત છે. સંરક્ષણ, ગુપ્તચર, દરિયાઈ સુરક્ષા, સાયબર સુરક્ષા અને અવકાશ જેવા ક્ષેત્રોમાં સહયોગ ધીમે ધીમે ગાઢ બની રહ્યો છે. યુએઈનો અભિગમ વૈચારિક નેતૃત્વ કરતાં સ્થિરતા, અવરોધ અને આર્થિક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. યમનથી લઈને આફ્રિકાના હોર્ન સુધી, યુએઈએ તેના સુરક્ષા હિતોને સ્વતંત્ર રીતે વ્યાખ્યાયિત કરવાની તૈયારી દર્શાવી છે, ભલે તેનો અર્થ પરંપરાગત સાથીઓથી અલગ થવું હોય. ઈઝરાયલ સાથે સામાન્યીકરણથી યુએઈને પ્રાદેશિક સુરક્ષા માળખામાં એક નવું સ્થાન મળ્યું છે. આ ભાગીદારી ભારત માટે વ્યૂહાત્મક અને મનોવૈજ્ઞાનિક બંને સ્તરે મહત્વપૂર્ણ છે.

### પાકિસ્તાનના ડ્રામા પર સૂર્યકુમાર યાદવનો જવાબ

# ટીમે ક્યારેય પાકિસ્તાન સામે રમવા માટે ના પાડી નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતમાં સાતમી ફેબ્રુઆરીથી ટી૨૦ વર્લ્ડકપ શરુ થવાનો છે, જોકે તે પહેલા પાકિસ્તાનો ડ્રામા શરુ કરી દઈને ભારત સામેની મેચો રમવાનો ઈક્કાર કરી દીધો છે. ત્યારે આ મામલે ભારતીય ટીમના સુકાની સૂર્યકુમાર યાદવે પાકિસ્તાને તડબાતોડ જવાબ આપ્યો છે. સૂર્યાએ મુંબઈમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં સ્પષ્ટ કહ્યું છે કે, ભારતનું વલણ એકદમ સ્પષ્ટ છે અને ટીમે ક્યારેય પાકિસ્તાન સામે રમવાની ના પાડી નથી.

કૅપ્ટન સૂર્યકુમાર યાદવે પાકિસ્તાન સામેના મુકાબલા અંગે નિવેદન આપતાં જણાવ્યું હતું કે, પાકિસ્તાનને લઈને અમારું માઈન્ડસેટ બિલકુલ સાફ છે. અમે ક્યારેય તેમની સામે રમવાની મનાઈ કરી નથી, તેમણે જ રમવાનો ઈક્કાર કર્યો છે. અમારી ફ્લાઈટ્સ બુક છે અને અમે જઈ રહ્યા છીએ. પહેલા અમે અમેરિકા સામે રમીશું અને ત્યારબાદ અન્ય મેચો રમીને કોલંબો જઈશું.

ભારતીય કૅપ્ટનનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે પાકિસ્તાનના બહિષ્કારને લઈને અનેક અટકળો લગાવાઈ રહી છે. સૂર્યાના આ નિવેદનથી સાબિત થાય છે કે, ટીમ ઈન્ડિયા આવી કોઈ પણ અનિશ્ચિતતાથી પ્રભાવિત થયા વગર પોતાની તૈયારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના ગ્રૂપ-એમાં ભારત અને પાકિસ્તાન સિવાય નેધરલૅન્ડ, નામિબિયા અને અમેરિકાની ટીમો સામેલ છે. જોકે, પાકિસ્તાને ભારત સામેની પોતાની લીગ મેચ રમવાનો ઈનકાર કરી દીધો છે, જેના કારણે આ હાઈ-વોલ્ટેજ મુકાબલા પર સંકટના વાદળો ઘેરાયા છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ મોહસીન નક્વીએ ભારત સામે મેચો રમવાનો ઈક્કાર કર્યો હતો. ત્યારબાદ પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાજ શરીફે બુધવારે (૪ ફેબ્રુઆરી) જાહેરાત કરી હતી કે, તેમની ટીમ ICC મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારત સામે મેદાનમાં ઉતરશે નહીં. આમ પાકિસ્તાને ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં રમાનારી હાઈ-પ્રોફાઈલ મેચનો બહિષ્કાર કરીને ટુર્નામેન્ટના નિયમોનો ભંગ કર્યો છે. પોતાની નબળાઈ છુપાવવા માટે શાહબાઝ શરીફે બાંગ્લાદેશ સાથે એકતાનું બહાનું આગળ ધર્યું છે. એક તરફ તેઓ કહી રહ્યા છે કે, રમતગમતમાં રાજકારણ ન હોવું જોઈએ અને બીજી તરફ પોતે જ રાજકીય કારણો આપીને મેચનો બહિષ્કાર કરી રહ્યા છે, જે તેમની બેવડી નીતિ છતી કરે છે. પાકિસ્તાન કેબિનેટને સંબોધતા શરીફે આ વિચિત્ર નિર્ણયને યોગ્ય ગણાવ્યો હતો.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કોંગ્રેસ પર પ્રહાર

# ચોરી કરવી એમનો ખાનદાની ધંધો, મહાત્મા ગાંધીની સરનેમ ચોરી લીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે, આજે દુનિયા પડકારો સામે ઝઝૂમી રહી છે. નવા વર્લ્ડ ઓર્ડર બની રહ્યા છે અને નવા વર્લ્ડમાં દુનિયાનો ઝુકાવ ભારત તરફ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધી પરિવાર પર અત્યાર સુધીનો સૌથી મોટો પ્રહાર કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે ચોરી કરવી તેમનો ખાનદાની ધંધો છે. પીએમે કહ્યું કે, સત્તા મેળવવા માટે તેમણે મહાત્મા ગાંધીની સરનેમ પણ ચોરી લીધી, જેથી તેઓ પોતાની ખામીઓ છુપાવી શકે અને દેશની જનતાને ગુમરાહ કરી શકે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાજપના નેતા રવનીત સિંહ બિટ્ટુને ગદ્દાર કહેવા પર રાહુલ ગાંધી પર પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે કાલે એક શાંત મગજવાળા યુવરાજે એક સાંસદને ગદ્દાર કહી દીધા. તેમનો અહંકાર તો જુઓ, યુવરાજે શીખ સાંસદને ગદ્દાર કહ્યા. એટલા માટે ગદ્દાર કહ્યા કેમ કે તે શીખ છે અને તેમને કોઈ પસ્તાવો પણ નથી.

રાજ્યસભાને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું કે, હતાશા તો કદાચ સમજી શકાય છે, પણ શું આ દેશના પવિત્ર લોકતંત્રના મંદિરને આવો તમાશો બનાવી દેવો તે ઠીક નથી. તે સમયે, આસામના અમારા એક સન્માનિત સભ્ય સદનની અધ્યક્ષતા કરી રહ્યા હતા અને ટેબલ પર કાગળ ફેંકવામાં આવ્યા. શું આ પૂર્વોત્તરનું અપમાન નથી, કાલે તેમણે ફરી એવું જ કર્યું. તે સમયે આંધ્ર પ્રદેશના એક દલિત પરિવારનો દીકરો સદનની અધ્યક્ષતા કરી રહ્યા હતા અને તેમનું પણ અપમાન કર્યું. આવી જ રીતનો વ્યવહાર કરીને તમે પૂર્વોત્તરનું અપમાન કર્યું છે અને આંધ્ર પ્રદેશના એક દલિત પરિવારના દીકરાનું અપમાન કર્યું છે. તેમણે આગળ કહ્યું કે, મને ખૂબ જ દુઃખ થયું જ્યારે આ દેશના સૌથી સન્માનિત હસ્તીઓમાંથી એક, ભારત રત્ન ભૂપેન હજારિકાજી, જેમને આજે પણ ઘરોમાં યાદ કરવામાં આવે છે, તેમના વિશે આવી વાતો કરી, લોકો તેમના પ્રત્યે જે શ્રદ્ધા ધરાવે છે, તેની કલ્પના પણ ન કરી શકાય. તેમ છતાં વિપક્ષે તેમનું કોઈ માન ન રાખ્યું. પ્રધાનમંત્રીએ વિપક્ષ પર ટાર્ગેટ સાધતા કહ્યું કે, કાલે હું જોઈ રહ્યો હતો, જે ખુદને રાજા માને છે, તે આર્થિક અસમાનતાની વાતો કરી રહ્યા હતા. ઘુસણખોરોની વકાલત કરનારાઓને યુવાનો કેવી રીતે માફ કરશે. ઘુસણખોર તેમની આઝાદી છીનવી રહ્યા છે. તેમની રોજી રોટીનો હક છીનવી રહ્યા છે. આવા લોકો માટે આ લોકો કવચ બનેલા છે.

### ખાડી દેશોના સમૂહ સાથે વાટાઘાટો સંપન્ન

# ભારતની વધુ એક ફ્રી ટ્રેડ ડીલ "ફાઈનલ"!

## ભારત છ ખાડી દેશો સાથે મુક્ત વ્યાપાર સમજૂતી કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ(GCC) વચ્ચેના આર્થિક સંબંધો હવે એક નવી ઊંચાઈ પર પહોંચવા જઈ રહ્યા છે. યુરોપિયન યુનિયન અને અમેરિકા સાથેની મહત્ત્વપૂર્ણ ટ્રેડ ડીલ બાદ, હવે ભારત આ છ ખાડી દેશો સાથે મુક્ત વ્યાપાર સમજૂતી(FTA) કરવાની તૈયારીમાં છે. કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે પુષ્ટિ કરી છે કે બંને પક્ષો વચ્ચે 'ટર્મ્સ ઑફ રેફરન્સ'(ToR) પર હસ્તાક્ષર થઈ ગયા છે, જેનો અર્થ છે કે હવે ઔપચારિક વાટાઘાટો માટેનો માર્ગ મોકળો બન્યો છે. આ સમજૂતીમાં યુનાઈટેડ આરબ એમિરેટ્સ(UAE), સાઉદી અરેબિયા, કતાર, કુવૈત, બહેરીન અને ઓમાન જેવા પ્રભાવશાળી દેશોનો સમાવેશ થાય છે.

આ સમજૂતી ભારત માટે વ્યૂહાત્મક અને આર્થિક બંને રીતે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે તેમ છે. ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે મોટાભાગે સાઉદી અરેબિયા અને કતાર જેવા દેશો પર નિર્ભર છે, જ્યાંથી ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસની આયાત કરવામાં આવે છે. બીજી તરફ, ભારત આ દેશોમાં કિંમતી રત્નો, જ્વેલરી, મશીનરી, લોખંડ અને રસાયણોની નિકાસ કરે છે.

ભારત અને જીસીસી(GCC) દેશો વચ્ચેના વ્યાપારિક આંકડાઓ આર્થિક સંબંધોની મજબૂતી દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ભારતની ખાડી દેશોમાં નિકાસમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે, જે હવે ૫૭ અબજ ડૉલર પર પહોંચી ગઈ છે.

આ જ સમયગાળામાં આયાત ક્ષેત્રે પણ મોટો ઉછાળો આવ્યો છે, જેમાં ૧૫.૩૩%ના વધારા સાથે કુલ આયાત ૧૨૧.૭ અબજ ડૉલર રહી છે. આ નવી મુક્ત વ્યાપાર સમજૂતીથી માત્ર વસ્તુઓના આદાન-પ્રદાનમાં જ નહીં, પરંતુ સેવાઓ અને રોકાણના ક્ષેત્રમાં પણ મોટા પાયે વૃદ્ધિ થવાની પ્રબળ સંભાવના છે, જેનાથી બંને પક્ષો માટે આર્થિક સમૃદ્ધિના નવા દ્વાર ખુલશે.

આર્થિક પાસાં ઉપરાંત, આ ડીલ માનવીય દૃષ્ટિકોણથી પણ અત્યંત મહત્ત્વની છે. વિશ્વભરમાં વસતા અંદાજે ૩.૨ કરોડ પ્રવાસી ભારતીયોમાંથી લગભગ અડધા જેટલા લોકો ખાડી દેશોમાં વસવાટ કરે છે અને ત્યાં કામ કરે છે. આ સમજૂતીથી ત્યાં રહેતા ભારતીયો માટે રોજગારીની નવી તકો ઊભી થશે અને બંને પક્ષો વચ્ચે પરસ્પર વિશ્વાસ વધુ મજબૂત બનશે. અગાઉ ૨૦૦૬ અને ૨૦૦૮માં આ અંગે પ્રયાસો થયા હતા, પરંતુ હવે ત્રીજા રાઉન્ડની વાટાઘાટો સાથે ભારત એક મજબૂત આર્થિક ભાગીદારી તરફ આગળ વધી રહ્યું છે.

### નિક જોનસે જણાવી દીકરી માલતીના જન્મ સમયની કહાની

# દિકરી માલતીને બચાવવા ૬ વખત લોહી ચઢાવવું પડ્યું

## તાજેતરમાં એક પોડકાસ્ટમાં નિક જોનસે પહેલીવાર માલતીના જન્મ સમયના સંઘર્ષ વિશે ખુલાસો કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરા અને નિક જોનસની દીકરી માલતી આજે ભલે સોશિયલ મીડિયા પર પોતાની ક્યૂટ અદાઓથી ફેન્સના દિલ જીતી રહી હોય, પરંતુ તેનો જન્મ ખૂબ જ મુશ્કેલ સંજોગોમાં થયો હતો. તાજેતરમાં એક પોડકાસ્ટમાં નિક જોનસે પહેલીવાર માલતીના જન્મ સમયના સંઘર્ષ વિશે ખુલાસો કર્યો છે. નિકે ભાવુક થતા જણાવ્યું કે, માલતીનો જન્મ નિર્ધારિત સમય કરતા વહેલો(પ્રી-મેચ્યોર) થયો હતો અને તે સમયે તેનું વજન માત્ર ૭૬૫ ગ્રામ હતું. જન્મ સમયે માલતીનું શરીર જાંબલી રંગનું થઈ ગયું હતું, જે જોઈને અમે ખૂબ જ ડરી ગયા હતા.નિકે જણાવ્યું કે, તે સમય દરમિયાન માલતીને બચાવવી મુશ્કેલ હતી, આ માટે માલતીને ૬ વખત લોહી ચઢાવવું પડ્યું હતું. તેમજ તેને લગભગ સાડા ત્રણ મહિના સુધી હોસ્પિટલના NICU(નવજાત શિશુ સંભાળ યુનિટ)માં રાખવામાં આવી હતી. કોરોના મહામારીનો સમય હોવાથી હોસ્પિટલના નિયમો કડક હતા, છતાં દીકરીની સંભાળ માટે પ્રિયંકા અને હું હોસ્પિટલમાં ૧૨-૧૨ કલાકની શિફ્ટમાં હાજર રહીને તેની ૨૪ કલાક દેખરેખ રાખતા હતા. આજે પણ મને હોસ્પિટલની એ ગંધ યાદ છે, જે મને એ ડરામણા દિવસોની યાદ અપાવે છે. આ અંગે વધુમાં વાત કરતા નિકે કહ્યું કે, લાંબા સંઘર્ષ અને યોગ્ય સારવાર બાદ માલતીનું વજન ધીરે ધીરે વધ્યું અને તેની તબિયતમાં સુધારો થયો, જેના પછી તેને ઘરે લાવવામાં આવી હતી. પોતાની દીકરીને તાકતવર ગણાવતા નિકે હોસ્પિટલના સ્ટાફનો આભાર માન્યો હતો. આજે માલતી સંપૂર્ણ સ્વસ્થ છે અને ચોપરા અને જોનસ પરિવારમાં ખુશીઓ બિખેરી રહી છે. ઉલ્લેખનીય છે કે પ્રિયંકા અને નિકે વર્ષ ૨૦૧૮માં લગ્ન કર્યા હતા અને વર્ષ ૨૦૨૨માં સરોગસી દ્વારા માલતીનું તેમના જીવનમાં આગમન થયું હતું.

### ૧૭ લોકોના DNA ટેસ્ટ બાદ પિતા જ નીકળ્યો આરોપી

# મુંબઈમાં દિવ્યાંગ યુવતી બળાત્કાર પછી ગર્ભવતી

## પોલીસે નરાધમ પિતાની ધરપકડ કરી લીધી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મુંબઈના કફ પરેડ વિસ્તારમાંથી માનવતાને શર્મસાર કરનારી એક ઘટના સામે આવી છે, જ્યાં એક ૨૦ વર્ષીય દિવ્યાંગ યુવતી પર તેના જ પિતાએ દુષ્કર્મ ગુજાર્યું હતું જેનાથી તે ગર્ભવતી થઈ ગઈ હતી. લાંબી તપાસ અને ૧૭ જેટલા શંકાસ્પદોના DNA ટેસ્ટ બાદ આખરે ક્રૂર સત્ય બહાર આવ્યું અને પોલીસે નરાધમ પિતાની ધરપકડ કરી છે.

સપ્ટેમ્બર ૨૦૨૫માં જ્યારે યુવતીએ તેની દાદીને પેટમાં તકલીફ હોવાની ફરિયાદ ઈશારામાં કરી, ત્યારે તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. મેડિકલ તપાસમાં જાણવા મળ્યું કે યુવતી પાંચ મહિનાની ગર્ભવતી છે. હોસ્પિટલ પ્રશાસને તુરંત પોલીસને જાણ કરી હતી. શરૂઆતમાં પિતાએ કોઈ પણ પ્રકારના જાતીય શોષણના સવાલોને નકારી કાઢ્યા હતા અને પોલીસ ફરિયાદ કરવાનો પણ વિરોધ કર્યો હતો.

યુવતી બોલી શકતી ન હોવાથી પોલીસને નિવેદન લેવામાં ઘણી મુશ્કેલી પડી હતી. કાઉન્સેલિંગ બાદ યુવતીએ ઈશારાથી જે માહિતી આપી તેના આધારે પોલીસે પહેલા એક પુરુષ અને ૧૭ વર્ષના છોકરાની અટકાયત કરી હતી. જોકે, પાકા પુરાવા માટે પોલીસે પિતા સહિત ૧૭લોકોના DNA સેમ્પલ લેબોરેટરીમાં મોકલ્યા હતા. ૨૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આવેલા રિપોર્ટમાં સ્પષ્ટ થયું કે ભ્રૂણનો જેનિટિક ડેટા માત્ર યુવતીના પિતા સાથે જ મેચ થાય છે.

પોલીસના જણાવ્યા અનુસાર, માર્ચ ૨૦૨૫ થી ૨૧ સપ્ટેમ્બરની વચ્ચે યુવતી પર વારંવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. DNA રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ પોલીસે અન્ય શંકાસ્પદોની ભૂમિકાની તપાસ કરવાની સાથે નરાધમ પિતાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ સમગ્ર મુંબઈને હચમચાવી દીધું છે.

### સોનામાં રૂ.૫૭૦૦ની ઉથલ-પાથલ: ચાંદીના ભાવમાં રૂ.૧૯૦૦૦ની ઉથલ-પાથલ

# પ્રોફિટ બુકિંગના કારણે ચાંદીના ભાવમાં ઉથલ પાથલ જોવા મળી




(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

છેલ્લા કેટલાક મહિનાઓથી સોના અને ચાંદીના ભાવમાં ધરખમ વધારો થયા બાદ રોકાણકારો દ્વારા પ્રોફિટ બુકિંગમાં વધારો થયો છે, જેના કારણે આજે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર આજે ચાંદીના ભાવમાં રૂ.૧૯૦૦૦ની તો સોનામાં રૂ.૫૭૦૦ની ઉથલ-પાથલ જોવા મળી છે. MCX પર ચાંદીના ભાવની વાત કરીએ તો, રાત્રે ૮.૦૦ કલાકે ચાંદીનો ભાવ રૂ.૨,૩૮,૭૦૧ પર ટ્રેડ થઈ રહ્યો છે. ગઈકાલે ચાંદીનો ભાવ રૂ.૨,૬૮,૮૫૦ પર બંધ થયો હતો, ત્યારે આજે ઊંચામાં ભાવ ૨,૫૮,૦૯૬ અને નીચામાં રૂ.૨,૩૯,૦૦૦ ભાવ નોંધાયો છે. એટલે કે આજે ચાંદીના ભાવમાં રૂ.૧૯,૦૯૬ની ઉથલ-પાથલ જોવા મલી છે.MCX પર સોનાનો ભાવ રાત્રે ૮.૦૦ કલાકે રૂ.૧,૫૦,૫૪૭ પર ટ્રેડ થઈ રહ્યો છે. ગઈકાલે સોનાનો ભાવ રૂ.૧,૫૩,૦૪૬ પર બંધ થયો હતો, ત્યારે આજે ઊંચામાં ભાવ રૂ.૧,૫૪,૨૦૦ અને નીચામાં ભાવ રૂ.૧,૪૮,૪૫૫ નોંધાયો છે. એટલે કે આજે સોનાના ભાવમાં રૂ.૫,૭૪૫ની ઉથલ-પાથલ જોવા મળી છે. તાજેતરમાં જ સોના અને ચાંદીનો ભાવ રેકોર્ડ સ્તરે પહોંચી ગયો હતો. ત્યારબાદ રોકાણકારોએ મોટા પ્રમાણમાં પ્રોફિટ બુકિંગ શરૂ કરતા તેમજ ફિજિકલ ડિમાન્ડ એટલે કે વાસ્તવિક રીતે સોના-ચાંદીની ખરીદી નબળી પડતા બંનેના ભાવમાં અસર જોવા મળી છે.

બીજીતરફ શિકાગો મર્કેટાઈલ એક્સચેન્જ (CME)એ કોપર બાદ સોના-ચાંદી પર માર્જિન વધારી દીધું છે, જેની અસર સોના-ચાંદીના ભાવ પર પડી છે. સીએમઈએ સોના પરનું માર્જિન ૬ ટકાથી વધારી ૮ ટકા અને ચાંદી પર ૧૧ ટકાથી વધારી ૧૫ ટકા કર્યું છે. માર્જિન વધવાના કારણે કિંમતો પણ દબાણ રહેવાની સંભાવના છે.

કોમોડિટી માર્કેટમાં વાસ્તવિક રીતે સોના-ચાંદી ખરીદી કરવામાં આવતી નથી પણ તેનું ડિજીટલ રીતે ટ્રેડિંગ થાય છે. જ્યારે કોમોડિટી માર્કેટમાં મોટો સોદો થાય છે, ત્યારે રોકાણકારોએ તાત્કાલીક પૈસા દેવાના હોતા નથી, પરંતુ તેણે સિક્યોરિટી તરીકે કુલ કિંમતમાંથી કેટલીક રકમ જમા કરાવવી પડે છે, જેને માર્જિન કહેવામાં આવે છે. માર્જિન વધવાનો અર્થ એ છે કે, હવે ટ્રેડર્સે વધુ નાણાં લગાવવા પડશે. કેટલાક રોકાણકારો એવા હોય છે, જેમણે પહેલેથી ખરીદી કરી લીધી છે અને હવે માર્જિન વધવાના કારણે એક્સચેન્જ તેમની પાસેથી એક્સ્ટ્રા નાણાં માંગે છે. જો રોકાણકાર પાસે ચૂકવવા માટે તાત્કાલીલ નાણાં હોતા નથી, ત્યારે તેણે પોતાનું સોનું અથવા ચાંદી વેચવું પડે છે. જ્યારે ઘણા લોકો એક સાથે વેચે છે, ત્યારે કિંમતો ઘટવા લાગે છે.

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - ગુરૂવાર, ૦૫/૦૨/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૬૫ | ૧,૦૫૦.૦૦ | ૧,૮૦૫.૦૦ |
| ૨ | એરંડા | ૩ | ૧,૨૪૦.૦૦ | ૧,૨૫૦.૦૦ |
| ૩ | રાયડો | ૩ | ૧,૦૦૦.૦૦ | ૧,૧૭૬.૦૦ |
| ૪ | ઘઉં | ૧૯૧ | ૫૦૫.૦૦ | ૫૩૪.૦૦ |
| ૫ | ચણા | ૧૫ | ૯૦૦.૦૦ | ૧,૧૦૧.૦૦ |
| ૬ | તુવર | ૧૦ | ૧,૪૦૦.૦૦ | ૧,૪૮૦.૦૦ |
| ૭ | અડદ | ૭ | ૧,૪૫૦.૦૦ | ૧,૫૦૧.૦૦ |
| ૮ | ગવાર | ૧૭ | ૯૯૦.૦૦ | ૧,૦૩૭.૦૦ |
| ૯ | કપાસ | ૨૩૦ | ૧,૩૭૧.૦૦ | ૧,૬૧૭.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

# ભારતનો બહિષ્કાર ભારે પડશે!: પાકિસ્તાનની મુશ્કેલી વધી, વધુ એક મેચ કેન્સલ થવાની ભીતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માં પાકિસ્તાન ક્રિકેટ ટીમ માટે મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. ભારત સામે રમવાનો ઈનકાર કર્યા બાદ હવે પાકિસ્તાન પર ટૂર્નામેન્ટમાંથી વહેલા બહાર ફેંકાઈ જવાનું જોખમ તોળાઈ રહ્યું છે.

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ગ્રુપ A માં રહેલી પાકિસ્તાની ટીમની પ્રથમ મેચ ૭ ફેબ્રુઆરીએ કોલંબોમાં નેધરલેન્ડ સામે છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આખું અઠવાડિયું ભારે વરસાદ અને વીકએન્ડ પર વાવાઝોડાની શક્યતા છે. જો આ મેચ વરસાદમાં ધોવાઈ જાય, તો પાકિસ્તાન માટે સુપર ૮ માં પહોંચવું લગભગ અશક્ય બની જશે, કારણ કે ભારત સામેની મેચના ૨ પોઈન્ટ્સ તે પહેલેથી જ ગુમાવી ચૂક્યું છે.

પાકિસ્તાને બાંગ્લાદેશનું સમર્થન કરવાના બહાને ભારત સામે ૧૫ ફેબ્રુઆરીએ યોજાનારી મેચ રમવાની સ્પષ્ટ ના પાડી દીધી છે. જોકે, ગયા વર્ષે જ બંને દેશો વચ્ચે ન્યુટ્રલ વેન્યુ પર રમવાની સમજૂતી થઈ હતી, જેનો હવે પાકિસ્તાન ભંગ કરી રહ્યું છે. ICC એ આ મામલે પાકિસ્તાનને કડક ચેતવણી આપી છે, પરંતુ હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી.

જો નેધરલેન્ડ સામેની પ્રથમ મેચ રદ થાય અને ભારત સામેની મેચ પાકિસ્તાન ન રમે, તો અમેરિકા (USA) સામેની મેચ તેમના માટે કરો યા મરો જેવી બની જશે.

નોંધનીય છે કે ૨૦૨૪ ના વર્લ્ડ કપમાં અમેરિકાએ પાકિસ્તાનને હરાવ્યું હતું. જો આ વખતે પણ પાકિસ્તાન હારે અથવા વરસાદ પડે, તો તેઓ વર્લ્ડ કપમાંથી સત્તાવાર રીતે બહાર થઈ જશે.

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીના વાયદામાં પરસ્પર વિરોધી ચાલ: સોનાનો વાયદો રૂ.૧૪૫૬ તેજ, ચાંદીનો વાયદો રૂ.૧૬૯૫૫ નરમ

## ક્રૂડ તેલનો વાયદો રૂ.૭૭ લપસ્યો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૪૬૩૦.૧૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૪૬૩૭.૨૫ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૮૪૨૫.૮૯ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૮૧૭ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૨૯૨૬૯.૪૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૪૬૩૦.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૮૪૬૩૭.૨૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૭૮૧૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૩૫૯.૪૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૮૪૨૫.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૦૨૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૧૫૦૦ અને નીચામાં રૂ.૧૪૭૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૯૨૪૪ના આગલા બંધ સામે રૂ.૧૪૫૬ વધી રૂ.૧૫૦૭૦૦ થયો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૧૦૧ ઘટી રૂ.૧૨૫૦૯૯ થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૩૪ ઘટી રૂ.૧૫૫૭૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૭ વધી રૂ.૧૪૯૭૫૦ થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪૮૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૫૯૪૯ અને નીચામાં રૂ.૧૪૬૬૦૫ના મથાળે અથડાઈ, રૂ.૧૫૫૯૬૨ના આગલા બંધ સામે રૂ.૧૯૧૫ ઘટી રૂ.૧૫૪૦૪૭ના સ્તરે પહોંચ્યો હતો.


ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૫૮૦૯૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૮૦૯૬ અને નીચામાં રૂ.૨૩૯૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૬૮૮૫૦ના આગલા બંધ સામે રૂ.૧૬૯૫૫ ઘટી રૂ.૨૫૧૮૯૫ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૭૭૫૯ ઘટી રૂ.૨૫૯૦૩૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૭૯૧૯ ઘટી રૂ.૨૫૯૦૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૨૯૯.૨૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૯.૬ ઘટી રૂ.૧૨૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૭૫ ઘટી રૂ.૩૧૯.૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૪ ઘટી રૂ.૩૦૭.૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૮૫ પૈસા ઘટી રૂ.૧૮૯.૮ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૮૯૯.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૪૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૪૪૭ અને નીચામાં રૂ.૩૨૭૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૭ ઘટી રૂ.૩૩૩૩ થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૭૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૮૩૧ અને નીચામાં રૂ.૫૭૫૦ના સ્તરને સ્પર્શી, રૂ.૫૮૯૧ના આગલા બંધ સામે રૂ.૭૭ ઘટી રૂ.૫૮૧૪ થયો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૭૬ ઘટી રૂ.૫૮૧૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૪ ઘટી રૂ.૩૧૨.૯ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૪ ઘટી રૂ.૩૧૩ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૮૧ના ભાવે ખૂલી, રૂ.૨.૪ વધી રૂ.૯૮૩ થયો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.૨૧૦ વધી રૂ.૨૬૧૧૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૯૦ના ભાવે ખૂલી, રૂ.૧૮ ઘટી રૂ.૨૫૮૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૦૯૦૮.૧૧ કરોડ અને ચાંદીના




વિવિધ વાયદાઓમાં રૂ. ૧૭૫૧૭.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૪૫૩.૮૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૪૫.૫૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૭.૩૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૭૨.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૦.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૦૦.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૮૮.૩૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૪ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૫૦૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૬૬૧૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૧૨૩૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૧૫૭૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૨૫૩૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૪૪૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૧૯૧૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૧૫૦૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૧૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૦૫૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૫૬૧૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૭૯૫૭ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૮૪૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૭૩૨૮ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૩૧૩ પોઈન્ટ ઘટી ૩૭૮૧૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૧.૨ ઘટી રૂ.૨૪૪.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા વધી રૂ.૨૯.૧૫ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૬.૫ ઘટી રૂ.૧૦૩૭૪.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૨૪૪ ઘટી રૂ.૧૪૩૦૭.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૭૫ ઘટી રૂ.૩૬.૯૯ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૩૧ ઘટી રૂ.૨.૫ના ભાવે બોલાયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૬.૪૫ ઘટી રૂ.૨૫૧.૦૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૫ પૈસા વધી રૂ.૩૧.૫ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૧ ઘટી રૂ.૯૮૬૮.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૩૧૪ ઘટી રૂ.૧૫૬૦૩.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૭.૨ વધી રૂ.૨૩૨.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૦ પૈસા વધી રૂ.૨૭.૨૫ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૯.૫ વધી રૂ.૭૭૭૮.૫ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૭૬૩.૫ વધી રૂ.૩૦૨૫૦ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬૩ પૈસા વધી રૂ.૩૭.૬૧ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૩ પૈસા ઘટી રૂ.૭ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ ૩૫ પૈસા ઘટી રૂ.૨૪.૦૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૪૫ પૈસા વધી રૂ.૨૭.૭ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૧ વધી રૂ.૨૨૦૭ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૨૬૬.૫ વધી રૂ.૨૫૫૦૦ થયો હતો.

---

### ચેક બાઉન્સ કેસમાં હાઈકોર્ટે આપ્યો હતો આદેશ

# અભિનેતા રાજપાલ યાદવે તિહાડ જેલમાં સરન્ડર કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી હાઈકોર્ટે ચેક બાઉન્સ કેસમાં આદેશ આપ્યા બાદ અભિનેતા રાજપાય યાદવે આજે (૫ ફેબ્રુઆરી) તિહાર જેલમાં અધિકારીઓ સમક્ષ સરેન્ડર કરી દીધું છે.

હાઈકોર્ટે રાજપાલ યાદવને સરેન્ડર કરવા માટે સમયસીમા વધારવાનો ઈનકાર કરી દીધો છે.

મીડિયા રિપોર્ટમાં જેલ સૂત્રોને ટાંકીને કહેવાયું છે કે, રાજપાલ યાદવે આજે સાંજે ૪.૦૦ કલાકે સરેન્ડર કરી દીધું છે. હવે જેલ અધિકારીઓ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરનું પાલન કરશે. જસ્ટિસ સ્વર્ણકાંતા શર્માની બેન્ચે ગઈકાલે નિર્દેશ આપ્યો હતો કે, અભિનેતાએ ૪ ફેબ્રુઆરીએ જેલ સુપરિન્ટેન્ડન્ટ સમક્ષ આત્મસમર્પણ કરવું પડશે. જોકે રાજપાલ ગઈકાલે હાજર થયો ન હતો. કોર્ટે બીજી ફેબ્રુઆરીએ અભિનેતાને આદેશ આપ્યો હતો કે, તે બુધવારે સાંજે ૪.૦૦ વાગ્યા સુધીમાં સરેન્ડર કરી દે. આ દરમિયાન અભિનેતાના વકીલે કોર્ટને માહિતી આપી છે કે, રાજપાલે ૫૦ લાખ રૂપિયાની વ્યવસ્થા કરી દીધી છે. વકીલે ચૂકવણી કરવા માટે એક સપ્તાહનો સમય માંગ્યો હતો. જોકે ન્યાયાધીશ શર્માએ સરેન્ડરનો સમયગાળો વધારવાનો ઈક્રાર કરી અભિનેતાની અરજી ફગાવી દીધી હતી.

ઉલ્લેખનીય છે કે, રાજપાલ યાદવે પોતાની ફિલ્મ 'અતા પતા લાપતા' પૂર્ણ કરવા માટે એક કંપની પાસેથી ૫ કરોડ રૂપિયાની લોન લીધી હતી. તેણે નાણાં ચૂકવણી માટે અનેક ચેક આપ્યા હતા, જોકે તમામ બાઉન્સ થઈ ગયા. ત્યારબાદ કંપનીએ તેની સામે કેસ દાખલ કર્યો હતો. તેણે ફિલ્મ પ્રોડક્શન માટે ચેક આપ્યા હતા, પરંતુ નાણાં મળ્યા ન હતા. ત્યારબાદ નીચલી કોર્ટે રાજપાલને દોષિત જાહેર કરીને ૬ મહિનાની સજા સંભળાવી હતી. ત્યાર મામલો હાઈકોર્ટ પહોંચ્યા બાદ કોર્ટે અભિનેતાને થોડો સમય આપીને સજા અટકાવી દીધી હતી. આ દરમિયાન કોર્ટે શરત મૂકી હતી કે, તેઓ કંપનીને પૈસા ચુકવી દેશે. અભિનેતાઓ કોર્ટમાં અનેક વખત વચન આપ્યું હતું, પણ નાણાં ચૂકવવામાં તે દર વખતે નિષ્ફળ ગયો હતો. કોર્ટે ગઈકાલે કહ્યું હતું કે, અભિનેતાનો વ્યવાહર ખૂબ ખરાબ છે અને તે કોર્ટનો વિશ્વાસ તોડી રહ્યો છે.'

---

### એરપોર્ટ પર સુરક્ષામાં મોટી ચૂક

# રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ગાયો રન-વે સુધી પહોંચી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

હીરાસર સ્થિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સુરક્ષામાં ગંભીર ગાબડું પડ્યું હોય તેવી ઘટના સામે આવી છે. અત્યંત હાઈ-સિક્યુરિટી ધરાવતા એરપોર્ટ પરિસરમાં બે ગાયો મુક્તપણે વિહાર કરતી હોય તેવો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ ઘટનાને પગલે એરપોર્ટની એન્ટ્રી ગેટ સિક્યુરિટી અને ગાર્ડની સતર્કતા સામે અનેક પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા થયા છે.

વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે બે ગાયો એરપોર્ટના સંકુલમાં આરામથી ફરી રહી છે. સામાન્ય રીતે એરપોર્ટ પર ટેક્સી ચાલકો કે સામાન્ય નાગરિકોની અવરજવર પર બાજ નજર રાખતી સિક્યુરિટીને આ પશુઓ કેમ દેખાયા નહીં, તે વાત ચર્ચાનો વિષય બની છે. મુસાફરો અને સ્થાનિકોમાં એ વાતનો રોષ જોવા મળી રહ્યો છે કે જો ટેક્સી ચાલકો જરા પણ ઉભા રહે તો તરત જ એક્શન લેતી સિક્યુરિટીને આ ગાયોની એન્ટ્રી વિશે કેમ જાણ ન થઈ?

એરપોર્ટ જેવા સંવેદનશીલ વિસ્તારમાં પશુઓની હાજરી માત્ર સુરક્ષાની ચૂક નથી, પરંતુ વિમાનના ટેક-ઓફ કે લેન્ડિંગ સમયે મોટી દુર્ઘટનાનું કારણ પણ બની શકે છે. આ મામલે એરપોર્ટ ઓથોરિટી તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી. એરપોર્ટ સત્તાધીશો આ દિશામાં તપાસ કરે અને ભવિષ્યમાં આવી ગંભીર બેદરકારી ન દાખવાય તે અત્યંત જરૂરી છે.

---

### રાજકોટમાં લક્ઝરી મુસાફરીનો નવો અધ્યાય

# ગુજરાતની પ્રથમ હાઈટેક વોલ્વો બસનું થયું ભવ્ય લોન્ચિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં ખાનગી ટ્રાવેલ્સ દ્વારા પરિવહન ક્ષેત્રે એક ક્રાંતિકારી પગલું ભરતા ત્રણ નવી અત્યાધુનિક વોલ્વો બસનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ બસો માત્ર મુસાફરીનું સાધન નહીં, પરંતુ ટેકનોલોજી અને આરામનો સુભગ સમન્વય છે. ગુજરાતમાં પ્રથમ વખત આવી હાઈટેક સુવિધાઓ રજૂ કરવામાં આવી છે, જે અત્યાર સુધી રાજ્યની કોઈ પણ ખાનગી કે સરકારી બસમાં ઉપલબ્ધ નહોતી. આ બસ ખાસ કરીને લાંબા અંતરના મુસાફરોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે, જેમાં સુરક્ષા અને સુવિધા બંનેને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ હાઈટેક બસની વિશેષતાઓની વાત કરીએ તો, તેમાં દરેક સીટ પર પર્સનલ સ્માર્ટ સ્ક્રીન આપવામાં આવી છે, જેમાં મુસાફરો OTT પ્લેટફોર્મનો આનંદ માણી શકશે. આ ઉપરાંત, મુસાફરોની સુવિધા માટે બાયો-કેમિકલ ટોયલેટ, દરેક સીટ પર USB ચાર્જિંગ પોઈન્ટ અને અત્યંત આરામદાયક સિટિંગ એરેન્જમેન્ટ કરવામાં આવી છે. સુરક્ષાના ભાગરૂપે તેમાં એડવાન્સ ફાયર સિસ્ટમ પણ ઈન્સ્ટોલ કરવામાં આવી છે. આ ત્રણ બસો જામનગર, રાજકોટ, બરોડા, અમદાવાદ, સુરત અને મુંબઈ જેવા મુખ્ય રૂટ પર દોડશે, જે મુસાફરોને વૈભવી મુસાફરીનો અહેસાસ કરાવશે.

---

### પોલીસે કાન પકડાવી મંગાવી માફી

# વડોદરામાં જેસીબી પર જોખમી સવારી કરાવનાર ડ્રાઈવરની ધરપકડ

## ખોડીયારનગરમાં જેસીબી પર શ્રમિકોને બેસાડી જોખમી સવારી કરાવવાનો વીડિયો વાઈરલ થયા બાદ પોલીસે ડ્રાઈવરને જેલના સળિયા પાછળ ધકેલ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરમાં ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. ખોડીયારનગર વિસ્તારમાં એક જેસીબી પર સાતથી આઠ શ્રમિકોને બેસાડીને જોખમી રીતે પૂરપાટ ઝડપે હંકારવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. આ વીડિયોના આધારે હરણી પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપી ડ્રાઈવરની ધરપકડ કરી છે.

વડોદરાના ખોડીયારનગર ચાર રસ્તાથી દરજીપુરા હાઈવે તરફ જઈ રહેલા એક જેસીબીના આગળના ભાગમાં (સૂપડામાં) અને પાછળના ભાગે અનેક શ્રમિકો બેઠા હતા. એક જાગૃત નાગરિકે આ જોખમી સવારીનો વીડિયો ઉતારી સોશિયલ મીડિયા પર વાઈરલ કર્યો હતો. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે જો સહેજ પણ બેલેન્સ બગડ્યું હોત, તો મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત.

ટ્રાફિક પોલીસની ફરિયાદના આધારે હરણી પોલીસે આરોપી ડ્રાઈવર મુમતાજ હકીમ મિયા આલમ (રહે. વડોદરા, મૂળ બિહાર) ની ધરપકડ કરી હતી. પોલીસ સ્ટેશનમાં આરોપીએ પોતાની ભૂલ સ્વીકારી કાન પકડીને માફી માંગી હતી. તેણે કબૂલાત કરી હતી કે, ‘‘આ મારી ભૂલ હતી, હવે પછી ક્યારેય આવું જોખમી કામ નહીં કરું.’’ પોલીસે તેની પાસે ઉઠક-બેઠક પણ કરાવી હતી. શહેરમાં અકસ્માતોની સંખ્યા વધી રહી છે ત્યારે પૂરપાટ ઝડપે પસાર થતા આ જેસીબી પર કોઈ ટ્રાફિક પોલીસની નજર કેમ ન પડી? તેવો પ્રશ્ન ઉઠી રહ્યો છે. જો કોઈ દુર્ઘટના સર્જાઈ હોત તો તેનો જવાબદાર કોણ હોત? શહેરમાં ખાસ કરીને ભારે વાહનો ચાલકો બેફામ વાહન હંકારીને લોકોના જીવ જોખમમાં મૂકતા હોય છે, ત્યારે પોલીસ અને આરટીઓની કડક ચેકિંગ જરૂરી બની છે.

---

# ૨૯ વર્ષીય વિરપાલસિંહ ઠાકોરનું મંડપ બાંધતી વખતે કરંટ લાગતાં કરૂણ મોત થયું

(સંપૂર્ણ સમાચાર સેવા) પંચમહાલ

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના બાહી ગામના વતની ૨૯ વર્ષીય વિરપાલસિંહ ઠાકોરનું મંડપ બાંધતી વખતે કરંટ લાગતાં કરૂણ મોત થયું છે. તે ગોધરા તાલુકાના સાપા રોડ પર આવેલી ગોવિંદી ગાયત્રી નગર-૩ સોસાયટીમાં મંડપ બાંધવાની કામગીરી કરી રહ્યો હતો. તે દરમિયાન આ ગોઝારી દુર્ઘટના ઘટી હતી.ઘટનાની પ્રાથમિક વિગતો મુજબ જ્યાં તે મંડપ બાંધવાની કામગીરી કરી રહ્યો હતો, ત્યાંથી જ એક જીવંત વાયર પસાર થઈ રહ્યો હતો જે માથાના ભાગે અડી જતા વિરપાલસિંહ નીચે પટકાયો હતો. અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ થોડા સમય માટે દોડધામ મચી ગઈ હતી.

સાથી કામદારોએ તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.ઘરના મોભી સમાન આશાસ્પદ યુવાનનું વીજ કરંટ લાગવાને કારણે અચાનક મોત થતાં બાહી ગામ અને પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ હોસ્પિટલ ખાતે પહોંચી હતી અને યુવાનના મોત મામલે અકસ્માતે ગુનો નોંધી, જરૂરી કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

### દીકરીના લગ્નની તારીખે જ પિતાની અંતિમયાત્રા

# સુરતના બિલ્ડર તુષાર ઘેલાણીનું અંગદાન થાય તે પહેલા જ નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણીનું નિધન થયું છે. ગઈકાલે ૪ ફેબ્રુઆરીના રોજ તેમને બ્રેઈન ડેડ જાહેર કરાયા હતા જેથી પરિવારે અંગદાનનો નિર્ણય લીધો હતો, પણ કુદરતને કઈક અલગ જ મંજૂર હતુ આજે અંગદાન માટે તેમને ઓપરેશન થિયેટરમાં લઈ જવાઈ રહ્યા હતા ત્યારે અચાનક તેમનું હૃદય ધબકતું બંધ થઈ ગયું એટલે કે કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો.

હોસ્પિટલની ટીમે ૧૫-૨૦ મિનિટ CPR આપીને હૃદય ધબકતું કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ૧૦:૨૦ કલાકે તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

જે પછી ફક્ત આંખોનું દાન સ્વીકારવામાં આવ્યું હતું. સુરતના બિલ્ડર તુષાર ઘેલાણીની દીકરીના જ્યારે (૧ ફેબ્રુઆરી) લગ્ન લખવાના હતા તે સમયે તેમના ઘરે પોતાની જ લાયસન્સ વાળી રિવોલ્વર વડે ગોળી મારીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. 9 MMની ગોળી બિલ્ડર તુષાર ઘેલાણીના મગજની આરપાર નીકળી ગઈ હતી.

અગમ્ય કારણોસર રાત્રે આશરે ૨ બનેલી ઘટનામાં તેઓ ખૂબ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જેથી તેમણે સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં ત્રણ દિવસની સારવાર પછી તેમણે બ્રેઈન ડેડ જાહેર કરાયા હતા. આજ રોજ ૫ ફેબ્રુઆરીએ તેમના દીકરીના લગ્ન માટેની તારીખ નક્કી કરાઈ હતી. લગ્નની તારીખના દિવસે પરિવારના મોભીની અર્થી ઉઠતાં ઘરમાં આક્રંદ સાથે શોકનો માહોલ છવાયો છે.

પોલીસે ગુનો નોંધીને રિવોલ્વર કબજે કરી હતી, આત્મહત્યાના પ્રયાસ પાછળનું સાચું કારણ જાણવા માટે પરિવારના સભ્યોની પૂછપરછ હાથ ધરી હતી. હજુ સુધી તુષાર ઘેલાણીએ શા કારણે અંતિમ પગલું ભર્યું તેનો ખુલાસો પોલીસ કે પરિવાર તરફથી કરવામાં આવ્યો નથી

તુષાર ઘેલાણીનું બિલ્ડર જગતમાં સારું એવું નામ હતું. તેઓ છેલ્લા ચાર દિવસથી જિંદગી અને મોત વચ્ચે સંઘર્ષ કરી રહ્યા હતા. બ્રેઈન ડેડ બાદ પરિવારે માનવતા દાખવી અંગદાનનો નિર્ણય લીધો હતો. જે માટે ડોનેટ લાઈફ સંસ્થાની ટીમ અંગદાનની પ્રક્રિયા માટે ખાનગી હોસ્પિટલ પહોંચી હતી. જ્યાં પરિવારજનો, મિત્રો અને સંબંધીઓ હાજર હતા.

પણ અચાનક જ તુષારભાઈને કાર્ડિયાક અરેસ્ટ આવતા શરીરના અંગો ફેઈલ/નકામા થઈ ગયા હતા. જેથી કિડની લીવર કે હાર્ટનું દાન થઈ શક્યું ન હતું, માત્ર ચક્ષુ દાનનો સ્વીકાર કરાયો હતો. દીકરીના લગ્ન પહેલા આપઘાતનો પ્રયાસ અને બાદમાં અંગદાનના દિવસે નિધન થતાં હાલ પરિવારમાં સન્નાટો છવાઈ ગયો છે.

---

### સમગ્ર ભૂલ સંબંધીત એન્જિનિયરની બેદરકારીના કારણે થઈ

# રાજમહેલના જાહેર રોડ પર જમીન બેસી જતા તોતિંગ ટ્રક ફસાઈ

## પુરાણ થયેલ રોડ પરથી તોતિંગ ટ્રક પસાર થતા ગાડીનું પાછળનું ટાયર બેસી ગયું હતું, જેના કારણે પાણીની લાઈન તૂટી ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)બરોડા

હવે પાલિકાની ચૂંટણીના દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે અધૂરા કામો ઝડપથી પુરા કરવા તંત્ર રઘવાયું બની ગયું છે. પરિણામે પુરા કરાતા અધૂરા કામોમાં ધાંધિયા શરૂ થયા છે. કેટલીય જગ્યાએ કોઈક કારણોસર ખોદાયેલા ખાડાનું યોગ્ય પુરાણ નહીં થતા કેટલીક જગ્યાએ જમીનો બેસી જવાના બનાવો હવે છાશવારે બની રહ્યા છે ત્યારે રાજમહેલ રોડની ખાડિયા પોળના ના કે આવા જ ખોદાયેલા ખાડાનું યોગ્ય રીતે પુરાણ નહીં થતાં ૧૪ પૈડાની તોતિંગ ટ્રક ફસાઈ ગયાનો વિડીયો વાયરલ થયો હતો. શહેરના અકોટા વિધાનસભા વિસ્તારમાં આવેલા વોર્ડ નં. ૧૩માં સમાવિષ્ટ રાજમહેલ રોડ, ખાડિયા પોળ-૨ના જાહેર માર્ગ પર હાલમાં પાણી લાઈનની કામગીરી ચાલુ છે. આ દરમિયાન સિમેન્ટ ભરેલી ૧૪ પૈડાની ભારે ટ્રક પસાર થઈ રહી હતી. પુરાણ થયેલ રોડ પરથી તોતિંગ ટ્રક પસાર થતા ગાડીનું પાછળનું ટાયર બેસી ગયું હતું. જેના કારણે પાણીની લાઈન તૂટી ગઈ હતી.સ્થળ પર હાજર કોન્ટ્રાક્ટરના કર્મચારીઓ દ્વારા અગાઉથી જ જણાવવામાં આવ્યું હતું કે અહીંથી મોટા અને ભારે વાહનો પસાર ન કરવામાં આવે, તેમ છતાં ગાડી પસાર થતા પાણીની લાઈનને ફરી નુકસાન થયું હતું. પરિણામે સમગ્ર વિસ્તારમાં પાણી પુરવઠો ખોરવાયો છે. અને સ્થાનિક નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.આ ઘટનાની જાણ થતા વિસ્તારના જાગૃત કાઉન્સિલર જાગૃતિબેન કાકા તરત જ ઘટના સ્થળે પહોંચ્યા હતા. તેમણે જાહેરમાં જણાવ્યું હતું કે આ સમગ્ર ભૂલ સંબંધીત એન્જિનિયરની બેદરકારીના કારણે થઈ છે. વિસ્તારમાં ચાલી રહેલી કામગીરી દરમિયાન યોગ્ય દેખરેખ ન રાખવાને કારણે આ પ્રકારની ઘટના બની હોવાનું તેમણે જણાવ્યું હતું.

---


**પશ્ચિમ રેલ્વે**

**બાંધકામ કાર્યો**

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) । પશ્ચિમ રેલ્વે ના ઇન્દોર (MP)એ ટેન્ડર નંબર: DADN-SWD-RKGC-17 ને આમંત્રણ આપ્યું છે. કામનું નામ: પશ્ચિમ રેલ્વેના રતલામ ડિવિઝનમાં ડો. આંબેડકર નગર (મહૂ) સનવાડ વિભાગના ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટના સંદર્ભમાં, મુક્તિયારા-બલવાડા, બરવાહા, ઓમકારેશ્વર, સનવાડ સ્ટેશન પર ઓમકારેશ્વર સ્ટેશન બિલ્ડીંગનું બાકીનું કામ, રિટેનિંગ વોલ, ટોઈ વોલ, બાઉન્ડ્રી વોલ, ડ્રેઇન, રોડ ઓવર બ્રિજનો એપ્રોચ અને કમ્પાઉન્ડ વોલ, સર્ક્યુલેશન એરિયા, એપ્રોચ રોડ, આરસીસી ઓવરહેડ વોટર ટાંકી, આરપીએફ બેરેક વગેરે જેવા અન્ય વિવિધ કામો. આશરે રૂ. 37,90,39,266.67. E M D : કિંમત: રૂ. 20,45,200/-. ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય: તા. 25.02.2026 ના 15:00 કલાક સુધી, ટેન્ડર ખોલવાની તારીખ: તા. 25.02.2026 ના રોજ બપોરે 15:30 કલાકે. પાત્રતા માપદંડો સહિત ટેન્ડરની સંપૂર્ણ વિગતો ઇ-ટેન્ડર પોર્ટલ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. 1078

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૩૦૦૫ જુનીયર કલાર્ક સહિત વર્ગ ૩ માં ૫૩૭૦ ઉમેદવારોની સીધી ભરતી કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકાર દ્વારા ૨૦૨૬ ના વર્ષમાં મોટા પાયે વર્ગ ૩ ની ભરતી કરવા જઈ રહી છે. કુલ ૫૩૭૦ જગ્યા માં મહેસુલી કલાર્ક, સીનીયર કલાર્ક અને જુનીયર કલાર્ક સહિત વિવિધ સંવર્ગમાં મોટા પાયે ભરતી શરૂ કરવામાં આવશે. જેના કારણે અનેક લાયક ઉમેદવારોને તક મળી રહેશે. સીધી ભરતીથી ઉમેદવારોની ભરતી કરવા માટે આજે તારીખ ૫ ફેબ્રુઆરી થી ઓનલાઈન અરજી પત્રક ભરવાની શરૂઆત કરી દેવામાં આવી છે. ઉમેદવારોને કેટેગરી પ્રમાણે ૫ વર્ષ સુધી ફીકસ પગાર અપાશે.




ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગૃપ-એ અને ગૃપ-બી ની સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા લેવાશે. કુલ જગ્યામાં સૌથી વધુ ૩૦૦૫ વિવિધ વિભાગના વડાની કચેરી માટે જુનીયર કલાર્ક ની ભરતી કરવામાં આવશે. તે ઉપરાંત ૧૬૦૦ જેટલા કલેકટર કચેરીના મહેસુલી કલાર્ક ની પણ ભરતી કરાશે. લાંબા સમયથી ત્રીજા વર્ગ ની ભરતીની જાહેરાતની રાહ જોવાઈ રહી હતી અને વિવિધ ખાતાના વડા થી લઈને કલેકટર સહિત અન્ય કચેરીઓ માટે આ ભરતી કરાશે.

આગામી તારીખ ૨૦ ફેબ્રુઆરી સુધી ઓજસ ની વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી કરી શકાશે. મંડળ દ્વારા ઉમેદવારો ને અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને અરજી કરવા તાકીદ કરાઈ છે. જેથી ખોટી વિગતોના કારણે અરજી રદ થવા પાત્ર ન બને. પરીક્ષા સંદર્ભની સુચના ઉમેદવારોને મોબાઈલ નંબર ઉપર મોકલવામાં આવશે.

મંડળના જણાવ્યા પ્રમાણે અનામત જગ્યા મુળ ગુજરાતના ઉમેદવારો માટે અનામત રહેશે. વય મર્યાદા સામાન્ય રીતે ૨૦ વર્ષ થી ૩૫ વર્ષ સુધીની નિયત કરાયેલી છે. પરંતુ અનામત કેટેગરીમાં વય મર્યાદા પ્રમાણે છુટછાટ રહેશે. ગૃપ-એ સંવર્ગ ૩ માં સમાજ કલ્યાણ નિરીક્ષકની ૧૨૫, કાર્યાલય અધિક્ષક ૩, કલેકટર કચેરીના કલાર્ક ૧૬૦૦, હેડ કલાર્ક ૧૩૪, સીનીયર કલાર્ક ૫૦૩ અને ગૃપ બી સંવર્ગ ૩ માં જુનીયર કલાર્ક ૩૦૦૫ ની ભરતી કરાશે. પ્રથમ ૫ વર્ષ સુધી ફીકસ પગાર આપવામાં આવશે. જેમાં હેડ કલાર્ક ૪૦૮૦૦, સીનીયર કલાર્ક ૨૬ હજાર, કલેકટર કચેરીના કલાર્ક ૨૬ હજાર, જુનીયર કલાર્ક ૨૬ હજાર, કાર્યાલય અધિક્ષક ૪૯,૬૦૦ અને સમાજ કલ્યાણ નિરીક્ષક ને ૪૦, ૮૦૦ નો ફીકસ પગાર મળશે.

# રાજકોટમાં પોલીસ ભરતી પરીક્ષાની દોડ માં ૧૦ સેંકન્ડ માટે રહી જતા નાસી પાસ થયેલ યુવતિએ ઝેરી દવા ગટગટાવી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટમાં પોલીસ ભરતી પરીક્ષાની દોડ માં ૧૦ સેંકન્ડ માટે રહી જતા નાસી પાસ થયેલ યુવતિએ ઝેરી દવા ગટગટાવી હતી. યુવતિ બગદાણાથી મવડી હેડ કવાર્ટર માં ફીઝીકલ પરીક્ષા આપવા આવી હતી. દોડ માં નાપાસ થયા બાદ રાજકોટ બસ પોર્ટ માં આ પગલુ ભર્યુ હતું.



મળતી માહિતી અનુસાર ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના બગદાણા નજીક આવેલ નાના ખુંટવાડા ગામની ૨૧ વર્ષીય યુવતિ આજે ગુરૂવારે સવાર ના ૯:૩૦ વાગ્યાની આસપાસ રાજકોટ બસ સ્ટેન્ડ ખાતે હતી. ત્યારે અનાજમાં નાખવાનો ઝેરી પાવડર પી જતા તત્કાલ રાજકોટ સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી. તેમની સાથે આવેલ અન્ય યુવતિ અને પોલીસ સુત્રોએ આપેલ માહિતી અનુસાર હાલ પોલીસ ભરતીની શારીરિક કસોટી ચાલુ છે. યુવતિએ કોન્સ્ટેબલ અને પીએસઆઈ બંને કેડર માટેની રનીંગ ની પરીક્ષા આપવાની હતી. તેમનો વારો રાજકોટ મવડી પોલીસ હેડ કવાર્ટર ખાતે આવ્યો હતો. જેથી તેઓ રાજકોટ પરીક્ષા આપવા આવ્યા હતા. આજે વહેલી સવારે દોડ લગાવી હતી પણ કમનસીબે તે માત્ર ૧૦ સેંકન્ડ જેટલા નજીવા સમયથી પરીક્ષામાં પાસ થવામાં રહી ગઈ હતી, જેથી નાસી પાસ થઈ ઝેરી પાવડર પીધો હતો. તે હાલ રાજકોટ સીવીલ માં સારવાર હેઠળ છે. પરીવારમાં ચિંતાના વાદળો ઘેરાયા છે. તેના પિતા ખેતી કામ કરે છે, યુવતિ પોતે બેભાઈ અને બે બહેનોમાં સૌથી નાની છે. તે છેલ્લા ૩ વર્ષથી દિવસ રાત મહેનત કરીને પોલીસ ભરતી માટે તૈયારી કરી રહી હતી તેવુ જાણવા મળ્યુ હતું.

# રાજયની જિલ્લા પોલીસવડાની કચેરીઓ ઉપર ૨૩ સીનીયર આઈપીએસ અધિકારીઓ કરશે મોનીટરીંગ

## જિલ્લા પોલીસ વડાની કચેરીઓમાં ફરીયાદોનો નિવેડો આવતો ન હોવાથી મુખ્યમંત્રી કક્ષા સુધી રજુઆત પહોચી

પ્રતિનિધિ,ગાંધીનગર

જાહેર ફરીયાદ નિવારણમાં ખામીઓ દુર કરવાના પગલામાં રાજય સરકારના ગૃહ વિભાગે જિલ્લાઓમાં ફરીયાદ નિવારણનુ સીધી દેખરેખ રાખવા માટે ડે.ઈન્સ્પેકટર જનરલ, ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ અને એડીશનલ ડાયરેકટર જનરલ ઓફ પોલીસ કક્ષાના ૨૩ વરીષ્ઠ આઈપીએસ અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. પહેલા થી જ નિયુકત પોલીસ અધિકારીઓ ઉપરાંત વધારાના રહેશે. ગૃહ વિભાગ સ્તરે ઉઠાવવામાં આવેલી ગંભીર ચિંતાઓને પગલે આ પગલુ લેવામાં આવ્યુ છે. મોટી સંખ્યામાં નાગરીકોને ગૃહ વિભાગ, ડીજીપી ઓફીસ અને મુખ્યમંત્રી કાર્યાલયનો સંપર્ક કરવાની ફરજ પડી રહી છે. કારણ કે તેમની ફરીયાદો જિલ્લા પોલીસવડા કચેરી સ્તરે સાંભળવામાં આવતી નથી. અથવા તેનુ નિરાકરણ કરવામાં આવતુ નથી, આ નિર્ણય થી આઈપીએસ કક્ષાએ મિશ્ર પ્રતિક્રિયાઓ આવી રહી છે, ઘણા લોકો તેની જવાબદારી અને કામગીરી પર સ્પષ્ટ સંદેશ તરીકે જોઈ રહ્યા છે, સુપરવાઈઝરી આઈપીએસ અધિકારીઓને ૧૦ થી ૧૫ ફરીયાદીઓને વ્યકિતગત રીતે મળવાની સુચના આપવામાં આવી છે.




જેમના કેસ પહેલા થી જ નિરાકરણ તરીકે ચિન્હિત કરવામાં આવ્યા છે, ઉદેશ એ ચકાસવાનો છે કે ફરીયાદોનો ખરેખર નિકાલ કરવામાં આવ્યો છે કે નહી, યોગ્ય પ્રક્રિયાઓનુ પાલન કરવામાં આવ્યુ છે કે નહી અને ફરીયાદીઓ ખરેખર નિરાકરણ થી સંતુષ્ટ છે કે નહી, ડીજીપી ઓફીસ તેમની વધુ તપાસ કરશે અને તેમની ટીપ્પણી ગૃહ વિભાગને મોકલશે. મોટી સંખ્યામાં લોકો ગૃહ વિભાગનો સંપર્ક કરી રહ્યા હતા. કારણ કે તેમને લાગ્યુ હતુ કે તેમની ફરીયાદો જિલ્લા પોલીસવડા દ્વારા સાંભળવામાં આવી રહી નથી. આ સુપરવાઈઝરી આઈપીએસ અધિકારીઓ ખાત્રી કરશે કે જાહેર ફરીયાદો માત્ર સાંભળવામાં જ નહી પરંતુ તેનો નિકાલ પણ થાય. એક ઉચ્ચ પોલીસ અધિકારીએ જણાવ્યુ હતુ કે આ પરીપત્ર મુજબ અમદાવાદ ગ્રામ્ય ડીઆઈજી દિપક મેઘાણીને, આણંદને ડીઆઈજી સુજરત મજમુદાર ને, ખેડા, નડીયાદ અને વડોદરા ગ્રામ્ય ડીઆઈજી નિર્લિપ્ત રાયને , ગાંધીનગર ને અધિક ડીજીપી ખુશીદ અહેમદને, મહેસાણા ડીઆઈજી પરીક્ષીતા રાઠોડ, સાબરકાંઠા ગગનદીપ ગંભીર, અરવલ્લી ડીઆઈજી વિશાલકુમાર વાઘેલા, છોટા ઉદેપુર અને ડાંગ ને ડીઆઈજી સરોજકુમારી, ભરૂચ અને નવસારી ડીઆઈજી આર વી ચુડાસમાને સોંપવામાં આવી છે, ગૃહ વિભાગ દ્વારા જારી કરાયેલા અને ગૃહ સચિવ નિપુર્ણ તોરવણે દ્વારા હસ્તાક્ષરીત આંતરીક પરીપત્ર અનુસાર ૨૩ અધિકારીઓને ચોકકસ જિલ્લાઓ સોંપવામાં આવશે અને તેઓએ દર મહિનાના પહેલા અઠવાડીયામાં તેમના ફાળવેલ જિલ્લાઓની મુલાકાત લેવાની રહેશે. સંબંધીત જિલ્લા પોલીસવડાને તેમની મુલાકાત વિશે અગાઉથી જાણ કરવાની રહેશે અને મહિનાના ચોથા અઠવાડીયામાં ગૃહ વિભાગ અને ડીજીપીની કચેરીને વિગતવાર અહેવાલ સુપ્રત કરવાનો રહેશે, આ સુપરવાઈઝરી અધિકારીઓ ફકત નિરીક્ષણ કરશે નહી, પરીપત્રમાં તેમને જિલ્લા પોલીસવડા ઓફીસ, એસડીપીઓ ઓફીસ અને જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોની મુલાકાત લેવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

# અમરેલીના ભાજપના ઉપપ્રમુખે વડોદરામાં રૂ.૩ કરોડની છેતરપીંડી આચરતા ૫ વિરૂધ્ધ ગુન્હો દાખલ

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરાના હરણી પોલીસ સ્ટેશનમાં રાજકીય વગ ધરાવતા દિગ્ગજ નેતાઓ વિરૂધ્ધ છેતરપીંડી ની ગંભીર ફરીયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. અમરેલી જિલ્લા ભાજપના ઉપપ્રમુખ સુરેશ પાનસુરીયા અને તેમના પરીવારના સભ્યો વિરૂધ્ધ રોકાણના બહાને રૂપીયા ૩ કરોડ હડપ કરી જવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.




મળતી માહિતી અનુસાર આ છેતરપીંડીનો ભોગ બનેલા ફરીયાદી અને તેમના પિતાને હરણી સમા લીંક રોડ પર આવેલી શ્રી સિધ્ધેશ્વર પ્રાઈમ પ્લસ નામની મિલ્કતમાં રોકાણ કરવાની લાલચ આપવામાં આવી હતી. આરોપીઓએ રોકાણકારોને વિશ્વાસમા લેવા માટે શરૂઆતમાં ૧.૫ ટકા અને ત્યારબાદ ૨ ટકા માસિક વળતર આપવાની મોટી લાલચો આપી હતી. આ ગુન્હામાં માત્ર સુરેશ પાનસુરીયા જ નહી પરંતુ તેમના પુત્ર અને ૩ સગા ભાઈઓ પણ સંડોવાયેલા હોવાનુ બહાર આવ્યુ છે. હરણી પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધ્યો છે. જેમાં અમરેલી ભાજપના ઉપપ્રમુખ સુરેશ ભાદાભાઈ પાનસુરીયા, મનીષ ભાદાભાઈ પાનસુરીયા, પ્રવિણ ભાદાભાઈ પાનસુરીયા, કિશોરભાઈ ભાદાભાઈ પાનસુરીયા અને રવીભાઈ સુરેશભાઈ પાનસુરીયા વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. ફરીયાદીનો આક્ષેપ છે કે તેમણે અને તેમના પિતાએ વિશ્વાસમાં લઈ ને કુલ રૂપીયા ૩ કરોડ જેટલી મોટી રકમનુ રોકાણ કર્યુ હતું. જો કે લાંબો સમય વિતવા છતાં આરોપીઓએ ન તો વચન મુજબ નુ વ્યાજ ચુકવ્યુ ન તો અસલ મુડી પરત કરી, વારંવાર ની ઉઘરાણી છતાં રકમ પરત ન મળતા આખરે પોલીસ ફરીયાદ નોંધાઈ હતી. વડોદરાની હરણી પોલીસે આ મામલે છેતરપીંડી અને વિશ્વાસઘાતની કલમો હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રાજકીય હોદ્દો ધરાવતા વ્યકિતનુ નામ બહાર આવતા વડોદરા રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે.

# સાણંદમાં હાઈપ્રોફાઈલ હુકકા પાર્ટી પર મોડી રાત્રે પોલીસની રેડ: ૮૧ લોકોની કરાઈ અટકાયત સાથે ૨.૯૧ કરોડનો મુદ્દામાલ જપ્ત

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ જિલ્લાના સાણંદ વિસ્તારમાં ગોરસ ગામની સીમમાં આવેલ સફલ નિર્વાણા ગ્રીન્સ વિકેન્ડ હોમમાં ગઈ કાલે બુધવારે મોડી રાત્રે ચાલી રહેલી એક હાઈપ્રોફાઈલ પાર્ટી પર સાણંદ પોલીસે અચાનક રેડ પાડી હતી.

આ પાર્ટીમાંથી ૮૧ યુવક યુવતિઓની અટકાયત કરવામાં આવી છે. પોલીસે ઘટનાસ્થળે થી દારૂ, હુકકા સહિતનો કુલ ૨.૯૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.




મળતી માહિતી અનુસાર મુંબઈના રહેવાસી અમિત ગોપીલાલ પચેરીવાલ એ પોતાના સાઢુ આદર્શ અગ્રવાલની ૨૫ મી મેરેજ એનીવર્સરી નિમિત્તે આ ખાનગી પાર્ટીનુ આયોજન કર્યુ હતું. પાર્ટીમાં અમદાવાદના જાણીતા બિલ્ડરો, વેપારીઓ , ડોકટરો સહિત અનેક પ્રભાવશાળી વ્યકિતઓ હાજર હોવાનુ બહાર આવ્યુ છે. મોટા ભાગના હાજર લોકોની ઉંમર ૩૫ થી ૪૦ વર્ષની હોવાનુ સુત્રો જણાવી રહ્યા છે. આ પાર્ટીમાં વિકેન્ડ હોમમાં ખાસ રીતે ફુડ કાઉન્ટર ગોઠવવામાં આવ્યા હતા. જેમાં ૧૧ ટેબલ પર કેક, વિવિધ પ્રકારના હુકકા, અને દારૂની બોટલો પીરસવામાં આવી હતી, આ સાથે વેલકમ ડ્રીંકસ થી લઈને જમવા સુધીની વ્યવસ્થા કરાઈ હતી. પાર્ટીમાં ૨૦ થી વધુ લકઝુરીયર્સ કાર પાર્ક કરાયેલી હતી. જેને પણ પોલીસે જપ્ત કરી છે,

પોલીસને બાતમી મળતા જ તાત્કાલીક રેડ પાડવામાં આવી હતી, રેડ દરમિયાન પાર્ટીમાં અફરા તફરી મચી ગઈ હતી. પરંતુ પોલીસે તમામને કોર્ડન કરી ઘેરી લીધા હતા. જપ્ત કરાયેલ મુદ્દા માલ માં વિદેશ દારૂની સીલબંધ અને અડધી ખાલી બોટલો, ૧૦ હુકકા, હુકકાના ફલેવર્સના પેકેટ્સ અને બોક્ષ, ૭૦ ગ્લાસ, ૭૪ મોબાઈલ ફોન અન્ય વસ્તુઓ સહિત કુલ ૨.૯૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અટકાયતમાં લેવાયેલ તમામ લોકોને સાણંદની સરકારી હોસ્પીટલમાં મેડીકલ ટેસ્ટ માટે લઈ જવામાં આવ્યા હતા. તેમની ઓળખ, બેકગ્રાઉન્ડ અને દારૂના સેવનની પુષ્ટી માટે તપાસ ચાલુ છે. પોલીસે ગુજરાત પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયો

# રખિયાલમાં ધોળા દિવસે યુવક પર તલવારથી જીવલેણ હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રખિયાલ વિસ્તારમાં બુધવારે ધોળા દિવસે એક યુવક પર તીક્ષ્ણ હથિયારો વડે જીવલેણ હુમલો કરવામાં આવતા સ્થાનિકો અને રાહદારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના અજીત મિલ ચાર રસ્તા પાસે મણિયાર ટેલર કંપની નજીક જાહેર રોડ પર બની હતી.

પ્રાથમિક વિગતો મુજબ, હુમલાખોરોએ તલવારો અને અન્ય ઘાતક હથિયારો વડે યુવક પર ઘાતક હુમલો કર્યો હતો. નવાઈની વાત એ છે કે, હુમલાખોરોએ પોલીસને ખુલ્લેઆમ પડકાર ફેંકી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા. ભરચક વિસ્તારમાં અચાનક થયેલા આ હિંસક હુમલાને કારણે નાસભાગ મચી ગઈ હતી અને આસપાસના લોકો જીવ બચાવવા દોડતા જોવા મળ્યા હતા.

આ હુમલામાં યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી, તેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ડોકટરોના જણાવ્યા મુજબ હાલ યુવકની હાલત અત્યંત નાજુક છે. ઘટનાની જાણ થતા જ રખિયાલ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. હુમલાખોરોની ઓળખ કરવા અને ઘટનાક્રમને સમજવા માટે આસપાસની કંપનીઓ અને દુકાનોના સીસીટીવી (CCTV) ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, 'હુમલા પાછળનો હેતુ અને હુમલાખોરો કોણ હતા તે હજુ સુધી જાણી શકાયું નથી. અમે તમામ પાસાં પર તપાસ કરી રહ્યા છીએ.' પોલીસે આરોપીઓને વહેલી તકે ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે.

### અરવલ્લી સાયબર સેલ દ્વારા અમદાવાદમાં દરોડો પાડી કાર્યવાહી હાથ ધરી

# ભિલોડાના મ્યૂલ બેન્ક એકાઉન્ટ ફ્રોડમાં રૂ.૨૪ લાખના મુદ્દામાલ સાથે અમદાવાદથી બે ઝબ્બે

(સંપૂર્ણ સમાચાર સેવા) મોડાસા

ભિલોડા તાલુકાના રીંટોડાના મ્યુલ ખાતાધારકોને લલચાવી એકાઉન્ટ મેળવી તેમના મળતિયા મારફતે સાયબર ળોડના નાણાં રૂ.૧.૮૦કરોડ ટ્રાન્સફર કરી સાયબર ક્રાઈમનો ગુનો કરતી ગેન્ગને અરવલ્લી સાયબર પોલીસે અમદાવાદના નિકોલ ખાતેથી ઝડપી પાડી કુલ રૂ..૨૪.૯૫ લાખનો મુદ્દામાલ પોલીસે રિકવર કર્યો હતો.ભારતની સાયબર ક્રાઈમ સબંધિત ફરિયાદોમાં સાયબર ફ્રોડ દ્વારા પ્રાપ્ત થયેલ નાણાંમાંથી ગુજરાત રાજયના આવેલા નાણાં બાબતે સંડોવાયેલા શકદારોને ઓળખી તેમની તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવતાં અરવલ્લી જિલ્લામાં મ્યુલ એકાઉન્ટ્સની પ્રાપ્ત થયેલી માહિતીના આધારે એસ.બી.આઈ.ના એકાઉન્ટમાં કર્ણાટકના બિડાર જિલ્લાના મુડબી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાયબર ફ્રોડનું રૂ. ૨૦૦૦નું ફર્સ્ટ લેયરમાં ટ્રાન્જેક્શન થયું હોઇ બેન્ક એકાઉન્ટનું સ્ટેટમેન્ટ, AOF, KYCની માહિતી મંગાવતાં આ બેન્ક એકાઉન્ટના ધારક કમલેશભાઈ બેચરભાઈ ખરાડી (રહે. રિંટોડા. તા. ભિલોડા)નું હોવાનું જાણવા મળ્યું હતું. તપાસ દરમિયાન આ બેન્ક એકાઉન્ટ સુભાષ જૈનને આપ્યું હોવાનું જણાતાં ગત ૨૯ જાન્યુઆરીએ પી.એસ.આઈ. આઈ.એસ. રબારી તથા સ્ટાફે અમદાવાદ તપાસ કરતાં ફોટા પરથી જાણવા મળ્યું હતું કે, સુભાષ જૈનનો ફોટો છે તેનું નામ દિનેશ હરિરામ માળી છે. બીજો ફોટો વેરિફાઈ કરાવાતાં તે તેનો ભાઈ ભિખાભાઈ હરિરામ માળી હોવાનું જણાયું હતું. તે વખતે એડ્રેસ ન મળતાં પોલીસ સ્ટાફ મોડાસા પરત આવી ગયો હતો. દરમિયાન એક ફેબ્રુઆરીએ માહિતી મળતાં અમદાવાદના નિકોલ ખાતેની મહેશનગર સોસાયટીના બી 50/02માં જઈ ઘરની તપાસ કરી હતી. જ્યાંથી શુભાષ જૈન ઉર્ફે દિનેશ હરિરામ માળી (મૂળ રહે. સંચોર, રાજસ્થાન, હાલ રહે. મહેશનગર, અમદાવાદ) અને મહેન્દ્ર મલ્લારામ દેવાસી (મૂળ રહે. સાંચોર, હાલ રહે. મહેશનગર, અમદાવાદ)ને રૂપિયા ગણવાનું મશીન, લેપટોપ, પ્રન્ટર, પીઓએસ મશીન, ૩૧ મોબાઈલ, ૪ સીમ કાર્ડ, ૨૧ ચેકબુક, એક પાસબુક, ૧૦૦ ગ્રામ તથા ૫૦ ગ્રામ ચાંદીના બે બિસ્કિટ તથા રોકડ રકમ મળી કુલ ૨૪,૯૫,૦૦૫નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે આ કેસમાં ભાવેશ ઉર્ફે ભિખાભાઈ હરિરામ માળી (મૂળ. રહે. સાંચોર, હાલ રહે. મહેશનગર, અમદાવાદ)ને વોન્ટેડ જાહેર કરી શોધખોળ હાથ ધરી છે. જ્યારે ઝડપાયેલા બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરતાં સાત દિવસના રિમાન્ડ મંજૂર કરેલ છે.

ઉલ્લેખનીય છે કે, આ ળોડની રકમમાંથી દુકાન ખરીદવાની ફિરાકમાં હતા તે અરસામાં પોલીસે બંનેને ઝડપી લીધા હતા. આ લોકો નાના મજૂર વર્ગને ટાર્ગેટ બનાવીને પૈસાની લાલચ આપી એકાઉન્ટ ભાડે રાખી ળોડ કરતા હતા, આ મ્યુલ બેન્ક એકાઉન્ટ અંગે અરવલ્લી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ભરતભુવન આશ્રમના મહંત સામે આક્ષેપ

# ડાકોરમાં આશ્રમ ચલાવતા મહંત સામે યુવતીના શોષણનો ગંભીર આક્ષેપ

(સંપૂર્ણ સમાચાર સેવા)ડાકોર

યાત્રાધામ ડાકોરમાં આશ્રમ ચલાવતા એક મહંત સામે યુવતીના શારીરિક શોષણના અત્યંત ગંભીર આક્ષેપો લાગતા ધાર્મિક જગતમાં ખળભળાટ મચી ગયો છે. ડાકોરના પ્રખ્યાત ભરતભુવન આશ્રમના મહંત કરણબાપુ પર એક યુવતીના પિતાએ સગીરા જેવી દીકરીનું શોષણ કરવાનો અને અન્ય શિષ્યો પાસે પણ મોકલવાનો સનસનીખેજ આરોપ લગાવ્યો છે.

## યુવતીના શારીરિક શોષણના અત્યંત ગંભીર આક્ષેપો લાગતા ધાર્મિક જગતમાં ખળભળાટ મચી ગયો છે

આ મામલે મોરબીમાં રહેતા યુવતીના પિતાએ મોરબી એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી ન્યાયની માંગ કરી છે. પિતાના આક્ષેપ અનુસાર, મહંત કરણબાપુએ તેમની દીકરીનું છેલ્લા ત્રણ વર્ષથી સતત શોષણ કર્યું હતું. આટલું જ નહીં, મહંતે મર્યાદા ઓળંગીને યુવતીને પોતાના અન્ય શિષ્યો સાથે શોષણ કરવા માટે પણ મોકલી હોવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. આ હકીકત સામે આવતા પિતાએ કાયદાકીય લડત શરૂ કરી છે. ધાર્મિક નગરી ડાકોરમાં આશ્રમ ચલાવતા મહંત સામે આવા ગંભીર આક્ષેપોને કારણે શ્રદ્ધાળુઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પિતાની અરજીના આધારેઃ મોરબી પોલીસ આ અરજીના આધારે પ્રાથમિક તપાસ કરી રહી છે. પીડિત પક્ષ દ્વારા મહંત વિરુદ્ધ કડક કાયદેસરની કાર્યવાહી અને ધરપકડની માંગ કરવામાં આવી છે. આ આક્ષેપોમાં કેટલી સત્યતા છે તે પોલીસ તપાસ બાદ જ બહાર આવશે, પરંતુ અત્યારે આ ઘટનાએ રાજ્યભરમાં ચર્ચા જગાવી છે.

# એકાઉન્ટન્ટે ડુપ્લીકેટ સહીઓ કરી ૩૪.૮૩ લાખ ટ્રાન્સફર કરી લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના અકોટા વિસ્તારમાં આવેલી ડિજિટલ મીડિયાની ઓફિસના એકાઉન્ટન્ટ દ્વારા ત્રાહિત ખાતામાં ૧૧ ચેકો મારફતે ૩૪.૮૩ લાખની રકમ ટ્રાન્સફર કરવામાં આવી હોવાનો બનાવ બનતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.ઓફિસના સંચાલક જયેશભાઈ પંડ્યાએ પોલીસને કહ્યું છે કે, અગાઉ બેલેટ કોલોમલ કંપની સાથે પ્રસારણનો કરાર કરવામાં આવ્યો હતો.પરંતુ થોડા સમય બાદ તેમણે પ્રસારણ બંધ કરતાં તપાસ કરી તો પેમેન્ટ નહીં મળ્યું હોવાનું કહેવામાં આવ્યું હતું. જેથી સીએ દ્વારા તપાસ કરાવતા આ કંપનીને ચેક મારફતે પેમેન્ટ કરવામાં આવ્યું હોવાનું જણાઈ આવ્યું હતું.વધુ તપાસ દરમિયાન બેલેટ કંપનીના નામે એકાઉન્ટન્ટ સચિન રાઉટે(આંબેડકર નગર, સમતા મૂળ ઓરિસ્સા) દ્વારા પેમેન્ટ માટે ચેકો આપવામાં આવ્યા હતા. પરંતુ મૂળ કંપનીને બદલે સાઈ સ્ટાર કેબલમાં જમા કરાવીને કુલ રૂ ૩૪.૮૩ લાખ ટ્રાન્સફર કરી લીધા હોવાની વિગતો બહાર આવી હતી. જેથી,સાઈ કેબલ સાથે પ્રસારણ બાબતે કોઈ કરાર કે કામગીરી કરવામાં આવી ન હતી અને તેમ છતાં તેને પેમેન્ટ ચૂકવીને છેતરપિંડી કરવામાં આવી હતી.